નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :29 JUNE 2024 | SATURDAY | Page :15 | Year : 2 | Issue :79 | Price: 2/-



વ્યાજંકવાદ ડામવા લોકદરબારનું આયોજનઃ વ્યાજખોરોથી બચવા માટે ન્યાયની માગ

જુઓ પેજ નં.૦૬

# દિલ્હી જળમગ્ન



**અનેક રહેઠાણ વિસ્તારો અને કોમ્પ્લેક્ષમાં વીજ પુરવઠો કપાઇ ગયો હતોઃ ટ્રાફિક જામ અને બંધ ગાડીઓએ વરસાદી વ્યવસ્થાપનની પોલ ખોલી**

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં ચોમાસાના આગમન બાદ ઘણા રાજ્યોમાં હળવો વરસાદ જોવા મળી રહ્યો છે અને કેટલીક જગ્યાએ ભારે વરસાદ થઈ રહ્યો છે. રાજધાની દિલ્હીની વાત કરીએ તો ગુરુવારે ભારે વરસાદના કારણે ભેજવાળી ગરમીનો સામનો કરી રહેલા દિલ્હીના લોકોને મોટી રાહત મળી છે. હજુ પણ આગામી બે-ત્રણ દિવસ સુધી ભારે વરસાદની શક્યતા છે. ગુરુવારે દિલ્હીમાં વરસાદ પડવાને કારણે રાજધાનીના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેને કારણે લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. રાજધાનીમાં ભારે વરસાદ બાદ ની આસપાસના વિસ્તારોમાં પણી ભરાઈ ગયા છે. આઝાદ માર્કેટ અંડરપાસમાં પણ પાણી ભરાઈ જવાને કારણે બસ ફસાઈ ગઈ હતી, જેમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં ભારે વરસાદ બાદ વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયા છે, જેને કારણે વાહનો પણ ફસાયા છે. દિલ્હીમાં લોધી એસ્ટેટ વિસ્તારમાં સતત ભારે વરસાદ બાદ પાણી ભરાયા છે. આ વિસ્તાર સંપૂર્ણપણે જળબંબાકાર છે અને વાહનોની અવરજવર શક્ય નથી.આ સપા સાંસદ રામ ગોપાલ યાદવના ઘરની બહારના દ્રશ્યો છે. કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદો આ વિસ્તારમાં રહે છે. આ દ્રશ્યો સફદરજંગ અને વિસ્તારના છે, જ્યાં લોકો પાણીમાંથી પસાર થઈ રહ્યા છે. મૂલચંદ વિસ્તારના દ્રશ્યો છે, જ્યાં અવિરત વરસાદના કારણે કેટલાંક વાહનો ડૂબી ગયા છે.દિલ્હીના સાકેત મેટ્રો સ્ટેશનથી બહાર નીકળતા મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે સતત ભારે વરસાદને કારણે આસપાસના વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે.શહેરમાં આખી રાત અવિરત ભારે વરસાદ બાદ દિલ્હીમાં કર્તવ્ય પથની આસપાસ પાણી ભરાયા છે.

દિલ્હીમાં રેકોર્ડતોડ ગરમી પછી વરસેલા વરસાદે પાણી પાણી કરી નાખ્યું છે. લોકો વરસાદની આતૂરતાથી રાહ જોતા હતા પરંતુ જૂન મહિનામાં ૮૮ વર્ષમાં કયારેય ના ખાબકયો હોય તેટલો વરસાદ પડતા ગરમીની માફક વરસાદ પણ આફત સમાન બની ગયો છે. અગાઉ ૨૮ જૂન ૧૯૩૬ના રોજ ૨૩૫.૫ મિમી વરસાદ નોંધાયો હતો. શહેરના વિવિધ વિસ્તારોના રસ્તાઓ પર પાણીના વહેતા વોકળા જેવું પાણી, ટ્રાફિક જામ અને બંધ ગાડીઓએ વરસાદી વ્યવસ્થાપનની પોલ ખોલી નાખી છે. સવારે વરસાદની શરુઆત થતા જ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટર્મિનલ-૧ ની છતનો ભાગ તૂટી જવાથી એક શખ્સનું મુત્યુ થયું હતું.

## મોદી જુલાઇમાં રશિયા ઉપરાંત ઓસ્ટ્રીયાનો પણ પ્રવાસ કરશે

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જુલાઇ માસના બીજા સપ્તાહમાં ઓસ્ટ્રીયાના પ્રવાસે જાય તેવી શક્યતા છે. બંને દેશો વચ્ચે સ્ટાર્ટઅપ તથા હાઇટિક ક્ષેત્રમાં કરાર થવાની સંભાવના છે.

ભારતના કોઈપણ વડાપ્રધાન ચાર દાયકા બાદ યુરોપીયન યુનિયનના આ દેશની મુલાકાતે જશે. આ પૂર્વે ૧૯૮૩માં તત્કાલીન વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ ઓસ્ટ્રીયાની મુલાકાત લીધી હતી. બન્ને દેશો દ્વિપક્ષી સંબંધોના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

ઓસ્ટ્રીયા નાટોનું સભ્ય રાષ્ટ્ર નથી. યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે પણ ઓસ્ટ્રીયાએ રશિયા સાથેના આર્થિક સંબંધો જાળવી રાખ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ ઓસ્ટ્રીયા જશે.

## ઝારખંડના પુર્વ સીએમ હેમંત સોરેનને રાહત હાઈકોર્ટે જામીન આપ્યા

### રાંચીમાં જમીન કૌભાંડનો સોરેન સામે આરોપ

રાંચી (ઝારખંડ),તા.૨૮


ઝારખંડના પુર્વ મુખ્યમંત્રી અને ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેનને જમીન કૌભાંડના કેસમાં હાઈકોર્ટથી જામીન મળ્યા છે. જામીન બોન્ડ ભર્યા બાદ હેમંત સોરેન જેલની બહાર જશે.

હેમંત સોરેન જમીન કૌભાંડના આરોપી છે અને કેટલાય મહિનાથી જેલમાં બંધ છે. લાંબા સમયથી તે જામીન માટે પ્રયાસ કરતા હતા. બન્ને પક્ષોની અરજી સાંભળ્યા બાદ અદાલતે ૧૬ જૂને ફેસલો સુરક્ષિત રાખ્યો હતો. ઈડીના વકીલ એસ.વી.રાજુએ દલીલ કરી હતી કે હેમંત સોરેને બગગાઈ પ્રદેશની ૮.૮૬ એકર જમીન પર કબજો જમાવ્યો છે. આ મની લોન્ડ્રીંગ છે. જયારે સોરેન તરફથી સુપ્રીમ કોર્ટના વકીલ મીનાક્ષી અરોરાએ જણાવ્યું હતું કે આ મની લોન્ડ્રીંગનો કેસ નથી. બલ્કે રાજકીય બદલાનો કેસ છે. ઝારખંડના પુર્વ મુખ્યમંત્રી અને ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેનને જમીન કૌભાંડના કેસમાં હાઈકોર્ટથી જામીન મળ્યા છે. જામીન બોન્ડ ભર્યા બાદ હેમંત સોરેન જેલની બહાર જશે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ખંડેર થવા તરફ પાક



ભારતીય ઉપખંડમાં શાંતિ કદી ન જળવાય એ માટેનું એક અઘોષિત યુદ્ધ પાકિસ્તાન છેલ્લા ચાર દાયકાથી લડે છે. દગાબાજીથી હુમલો કરવાની વ્યવસ્થાને જ ખરેખર તો આતંકવાદ કહેવામાં આવે છે. આતંકવાદ હવે તો દુનિયાના અનેક દેશો પર લટકતી અનિશ્ચિતતાની તલવાર છે, જેનાથી આતંકવાદનું હિમાયતી ખુદ પાકિસ્તાન પણ મુક્ત નથી. પાકિસ્તાનને સહુ આતંકવાદી રાષ્ટ્ર તરીકે જ ઓળખે છે. એમાંય જ્યારથી ઈમરાન સત્તા પર આવ્યા હતા ત્યારથી વિવિધ આતંકવાદી સંગઠનો પુરબહારમાં ખીલ્યા હતા, જે હજુ પણ વર્તમાન વડાપ્રધાન શેહબાઝ શરીફના અંકુશમાં નથી. સાઉદી ક્રાઉન પ્રિન્સ એમબીએસના આગમનના એક દિવસ પહેલા પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાને અફઘાનિસ્તાનના તાલિબાનોને સત્તાવાર આમંત્રણ આપીને પાકિસ્તાન બોલાવ્યા હતા. આજે પણ સત્તાધારી તાલિબાનો સાથે ઈમરાનના ગુપ્ત સંબંધો જળવાઈ રહ્યા છે.

અત્યારે જે સમય પસાર થઇ રહ્યો છે તેમાં પાકિસ્તાનને રાજદ્વારી રીતે સમગ્ર દુનિયાથી અલગ કરવાના ભારત સરકારના પ્રયાસો ચાલુ જ રહ્યા છે, જે પાકિસ્તાન સાથેના સંભવિત યુદ્ધ પહેલાનું આંતરરાષ્ટ્રીય લોબિંગ છે અને એ અનિવાર્ય પણ છે. પરવેઝ મુશર્રફ, નવાઝ શરીફ અને ઈમરાને પાકિસ્તાનને ખંડેર બનાવવામાં જે કામ બાકી રાખ્યું તે હવે શેહબાઝ શરીફ પૂરું કરી રહ્યા છે. કારણ કે આ એક વિલાસી વડાપ્રધાન છે. તેમની દિનચર્યા ગુપ્ત હોય છે. વડાપ્રધાનના સત્તાવાર કાર્યાલયમાં તેઓ નિયમિત રીતે અનિયમિત છે. પ્રધાનો અને સચિવો ફાઈલો લઈને એમના નિવાસસ્થાને હરોળમાં બેઠેલા જોવા મળે છે. એમના પદનું લાંબુ આયુષ્ય નથી કારણ કે પાકિસ્તાન જેવા વિચલિત દેશમાં આંતરિક શત્રુઓ ઓછા નથી.

ઈરાને છેલ્લા બે-ચાર વરસથી ભારત સાથે સંબંધો વિકસાવ્યા હોવા છતાં અનેકવાર કાશ્મીર સંબંધિત મામલાઓમાં એણે ભારત સરકાર વિરુદ્ધ ઉચ્ચારણો કર્યા છે અને એ દૌર નિયમિત રાખેલો છે. પરંતુ પાકિસ્તાનના જૈશ-અલ-અદ્લે કરેલા હુમલામાં ૨૭ ઈરાની સૈનિકો શહીદ થયા એટલે ઈતિહાસમાં પહેલીવાર ઈરાને કાશ્મીર અંગે ભારત સરકારની તરફેણના નિવેદનો ચાલુ કર્યા છે, એટલું જ નહિ, પાકિસ્તાન સામે વેર લેવાની ઉતાવળ જેટલી ભારતને છે, એટલી જ ઈરાનને પણ છે. અફઘાનિસ્તાન તો પોતાને ત્યાં ફેલાયેલા આતંકવાદના મુખ્ય ખલનાયક તરીકે પાકિસ્તાનને જ જુએ છે. તાલિબાનો ખુદ પોતાને આતંકવાદી નથી માનતા, તેઓ પાકિસ્તાનના આતંકવાદીઓને અનેકવાર સરહદ ઓળંગતી વખતે ઠાર કરી ચૂક્યા છે.

પાકિસ્તાન તેના પતનના એક નવા ઐતિહાસિક સન્ક્રાન્તિકાળે પહોંચ્યું છે જ્યાંથી તે વધુ પતન પામવા હવે ઉતાવળું થયું છે. આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્યમાં વર્ષો સુધી અમેરિકાને જ પાકપ્રજા પોતાના ગોડફાધર માનતી હતી. હવે પાકિસ્તાનનું ગોત્ર પરિવર્તન થઇ ગયું છે અને તે ચીનના ખોળે રમવા લાગ્યું છે. આ બહુ લાંબી પ્રક્રિયા છે. આવનારા પાંચ-સાત વરસ પાકિસ્તાને અમેરિકા સાથે વિખૂટા પડતીવેળાના અનિવાર્ય સંઘર્ષમાં ઉતરવાનું થશે. એની શરૂઆત અમેરિકાના એ કબૂલાતનામાથી થઇ ગઇ છે જેમાં અમેરિકા અબજો ડોલર પાક તરફ વહાવીને છેતરાયું હોવાની વાત છે. ગઈ સદીના છઠ્ઠા દાયકામાં એટલે કે ઈ.સ.૧૯૫૦ પછી અમેરિકાએ પાકિસ્તાનમાં પોતાના હિતો જોવાની શરૂઆત કરી. એનું મુખ્ય કારણ અમેરિકાની રશિયા સાથેની દુશ્મનાવટ. અમેરિકાએ પાકિસ્તાનને આર્થિક અને લશ્કરી બાબતોમાં સહાય કરવાની શરૂઆત કરી. આજે અમેરિકા પસ્તાવો કરે છે. બેચાર દિવસ પહેલા જો બાઇડને પાકિસ્તાન વિરુદ્ધ બેફામ વ્યાખ્યાન આપ્યું પણ એનો કોઈ મહિમા નથી. કારણ કે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં અમેરિકા હવે ઢમક ઢોલકી છે. બેય બાજુ બોલે. એનો વિશ્વાસ કોઈ કરતું નથી. યુક્રેન યુદ્ધ પછી અમેરિકાની વિશ્વસનીયતા ધ્વસ્ત થઈ ગઈ છે.

# રાજમંત્ર કોલ્ડ્રીંક્સના માલિકે કાર અથડાવી યુવાનને માર માર્યો પાંચ વર્ષની પુત્રીને ધક્કો મારી પરિવારને ધમકી આપી

## ■ એ. ડિવિઝન પોલીસે અભિષેક હુંમરની ધરપકડ કરી ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૨૯

યાજ્ઞીક રોડ બ્લેક બેરીના શો-રૂમની સામે રાજમંત્ર કોલડ્રિન્કસ પાસે પાર્ક કરેલ કારમાં કાર અથડાવી દુકાનના માલિક અભિષેક હૂંમરે કોઠારીયા કોલોનીમાં રહેતાં કાર્તિક રાઠોડ અને તેના પરિવારને મારમારી પાંચ વર્ષની પુત્રીને પણ ધક્કો મારી પાડી દિધી હતી. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસે કારચાલકની ધરપકડ કરી ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે કોઠારીયા કોલોની ક્વાર્ટર નં.૨૯૫ વિમાના દવાખાનાની સામે રહેતાં કાર્તીકભાઈ ભુપતભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાર નં. જીજે-૦૩-એમઆર-૯૨૮૦ ના ચાલક અભિષેક ચંદુ હૂમર (રહે. રાજનગર શેરી નં.૨, નાનામવા રોડ) નું નામ આપતાં એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કલરકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈરાત્રીના દોઢેક વાગ્યાની આસપાસ તે પરીવાર સાથે કાર નં. જીજે.૦૩.એલએમ.૦૨૩૦ લઈ રેષકોર્ષથી બેસીને યાજ્ઞીક રોડ બ્લેક બેરીના શો-રૂમની સામે આવેલ રાજમંત્ર કોલ્ડ્રીંક્સ નામની દુકાને ગયેલ અને ત્યા દુકાન પાસે ગાડી પાર્ક કરી પરીવાર સાથે ત્યા દુકાન પાસે ઉભા હતા. ત્યારે એક કિઆ કારનો ચાલક તેમની કાર રીવર્સમાં લેતો હોય ત્યારે ફરિયાદીની કારની આગળની બાજુ તેની કાર અથડાતા આગળના ભાગે બમ્પરમાં નુકશાન થયેલ હતું.

જેથી તેઓએ આરોપીની કાર પાસે જઈ તેમને કાર જોઈને ચલાવતા જાવ મારી કારમાં અથડાતા નુકશાન થયેલ છે, તેમ કહેતા કાર ચાલક કારમાંથી નીચે ઉતરી તેમની પાસે આવી તું કોને કહે છે, તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. દરમિયાન તેમની માતા ઉષાબેન અને પિતા ભુપતભાઈ છોડાવવા વચ્ચે આવતા કાર ચાલકે તેમની માતાને પણ ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. જેથી તેઓએ ૧૦૦ નંબર માં ફોન કરતા આરોપી ભાગવા જતો હતો.ત્યારે ફરિયાદીની પાંચ વર્ષની પુત્રીને પણ ધક્કો મારી પછાડી દિધેલ હતી અને તેને રોકવાનો પ્રયાસ કરતાં તેમને કહેલ કે, હવે ગમે ત્યાં દેખાયશ તને જાનથી મારી નાંખીશ તેમ ધમકી આપી ભાગવા જતા પોલીસની ગાડી આવી જતા કારના ચાલકને અટકાવી તેનું નામ પૂછતાં અભીષેક ચંદુભાઈ હુંમ્મર (ઉ.વ.૩૨) હોવાનુ જણાવતાં તેને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે કારનો અકસ્માત સર્જી મારામારી કરનાર કારચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દૂધ સાગર રોડ પરથી જુગાર ક્લબ ઝડપાઈ, બે મહિલા સહિત સાત આરોપીઓ ઝબ્બે

## ■ રેલનગરમાં પત્તા ટિંચતા ચારને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી

રાજકોટ તા.૨૯

થોરાળા પોલીસે દૂધ સાગર રોડ રિધ્ધી સિધ્ધી સોસાયટીમાંથી જુગાર ક્લબ ઝડપી પાડયું છે. જ્યારે પ્રદ્યુમન નગર પોલીસે રેલનગરમાંથી પત્તા ટિંચતા ચારને દબોચી લીધા હતા. પોલીસે રૂ૩૮ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. મળતી વિગત મુજબ થોરાળા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ જાડેજા, એ.એ સ.આઈ. રાજેશભાઈ મેર, દેવશીભાઈ ખાંભલા તથા મહિલા કોન્સ્ટેબલ કિરણબેન ઓતરાજીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકિકત મળેલ કે દુધ સાગર રોડ રિધ્ધી સિધ્ધી સોસાયટી શેરી નં-૭ માં રહેતાં નુરઅહેમદ હામીમભાઈ સુભાણીયા પોતાના ઘરે બહારથી ગ્રાહકો બોલાવી જુગાર ક્લબ ચલાવે છે. જે બાતમીનાં આધારે તે સ્થળે દરોડો પાડી મકાન માલિક નુરઅહેમદ હામીમભાઇ સુભાણીયા (ઉ.વ ૩૪), ઓસમણભાઈ ઉમરભાઈ નોડે (ઉ.વ ૩૪, રહે. ભગવતી સોસાયટી શેરી નં-૩, દુધ સાગર રોડ), તિરે રામરાજ કશ્યપ (ઉ.વ ૩૦, રહે.પાંજરાપોળ મેલડી માંના મંદિર પાસે), સંતોષકુમાર રામકૃષ્ણ કશ્યપ (ઉ.વ.૨૫, રહે. પાંજરાપોળ મેલડીમાં ના મંદિર પાસે), રાજેશભાઈ શીવરાજકુમાર કુસ્વા (ઉ.વ.૩૨, રહે.પાંજરાપોળ મેલડીમાં ના મંદિર પાસે),જીન્નતબેન નુરઅહેમદ હામીમભાઈ સુભાણીયા (ઉ.વ.૩૬, રહે. રિધ્ધી સિધ્ધી સોસાયટી), રજીયાબેન ઉમરભાઈ નોડે (ઉ.વ.૩૨, રહે. ભગવતી સોસાયટી) ને પકડી પાડ્યાં હતાં. પોલીસે મોબાઈલ સહિત રૂાપ,૫૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત પ્રદ્યુમન નગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર, સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો . દરમિયાન બાતમીનાં આધારે રેલનગર- ૨માં આનંદ વિદ્યાલયની પાસે આવેલ શિવુભા ચુડાસમાના મકાનમાં દરોડો પાડી મકાન માલિક શિવુભા દોલુભા ચુડાસમા (ઉ.વ ૭૦), રાજેન્દ્રસિંહ નવુભા જાડેજા (ઉ.વ ૪૯, રહે- શિવમપાર્ક શેરી નં-૨, રેલનગર), તખતસિંહ નાથુભા જાડેજા (ઉ.વ ૬૨, રહે રેલનગર- ૨), મહિપતરામ રઘુરામભાઈ દુધરેજીયા (ઉ.વ ૬૦,રહે.સમર્પણ પાર્ક શેરી નં-૨, રેલનગર) ને પકડી પાડી રોકડ રૂા૨,૫૦૦ કબ્જે કર્યા હતા.




# સદરના વોંકળામાં એક ભાગમાંથી બેસી જતા દોડધામ

સામના મિરર, સંવાદદાતા

શહેરની મધ્યમાં આવેલો રાજાશાહી વખતનો સદર હરીહર ચોકવાળો વોંકળો રીપેરીંગ કરવાની તૈયારી વચ્ચે ગઇકાલે મોડી સાંજે ખુણાના એક ભાગમાંથી બેસી જતા દોડધામ થઇ ગઇ હતી. ઘોડાગાડી સ્ટેશનવાળો ભાગ બેસી જતા મહાપાલિકા તંત્રએ આ જગ્યાએ રહેલા હોર્ડિંગ બોર્ડની જોખમી સાઇટ તાત્કાલીક દુર કરાવી છે. રાત્રી સુધી કામ ચાલુ રાખીને વોંકળાના ભયગ્રસ્ત ભાગનું લેવલીંગ કરવામાં આવ્યાનું ઇજનેરોએ જણાવ્યું હતું.

આ વોંકળો વર્ષોથી ખુલ્લો અને વહેતો છે. ચોમાસા જેવા સમયે સફાઇ કરવામાં આવે છે. અંદર દબાણો પણ છે. થોડા સમય પહેલા આ વોંકળા ફરતે પતરા મારીને ઢાંકવામાં આવ્યો છે. મનપા દ્વારા જોખમી મિલ્કતોના સર્વે કરીને નોટીસ આપવા અને સલામત કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

પરંતુ આ જોખમી વોંકળો સામાન્ય વરસાદ વચ્ચે વધુ જોખમી બન્યો છે. ગત મોડી સાંજે ખુણાનો એક ભાગ બેસી જતા લોકોએ મનપા તંત્રને જાણ કરી હતી. બાદમાં મોડી રાત સુધી વીજ કંપનીના સ્ટાફને સાથે રાખીને હોર્ડિંગ બોર્ડ અને સ્ટ્રકચર ઉતારવાની કામગીરી કરવામાં આવી હતી. સુત્રોએ જણાવ્યું હતું કે વોંકળા અંદર ઉંદરોનો મોટો ઉપદ્રવ છે. ઠેર ઠેર દર બનાવેલા છે. નાના સસલાની સાઇઝના ઉંદરો પણ દોડતા હોય છે. આ દરના કારણે પોલાણ થઇ જતા ખુણા પરનો ભાગ ઉતરી ગયો હતો. આથી તાત્કાલીક લેવલીંગ કામ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે સર્વેશ્વર ચોકમાં આવેલા શિવમ કોમ્પલેક્ષ બહારનો વોંકળાનો સ્લેબ ધસી પડતા મોટી દુર્ઘટના થઇ હતી અને એક મહિલાનું મૃત્યુ પણ નિપજયું હતું. આ ઘટનાના ઘેરા પડઘા પડયા હતા. તે બાદ આ જ રસ્તેથી જાગનાથ, બંબાખાનાવાળી સ્કુલ સામેથી આવતો સદરનો વોંકળો પણ તાત્કાલીક સલામત કરવાની જરૂર હોવાનો મત છે.

જોકે આ અંગે કોર્પોરેશનના ઇજનેરોનો સંપર્ક કરતા તેઓએ કહ્યું હતું કે હરિહર ચોકમાં આ વોંકળાની જગ્યાએ નવો સ્લેબ કલવર્ટ બનાવવા ૧.૩૦ કરોડનું કામ કરવાનું છે. ચોમાસા બાદ આ કામગીરી કરવામાં આવશે અને વોંકળો સલામત કરાશે.

# એનડીઆરએફની ટીમ રાજકોટ પહોંચી



સામના મિરર, સંવાદદાતા : રાજકોટ શહેરમાં ભારે વરસાદની આગાહી વચ્ચે કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો પણ થોડી જ મિનિટમાં વરસાદ થંભી જતા અડધો ઇંચ જ નોંધાયો હતો. ત્યારબાદ આખો દિવસ ઉકળાટ અને બફારો અનુભવાયો હતો. હજુ શુક્રવાર સુધી ભારે વરસાદની આગાહી છે.ચોમાસાની જામતી સિઝનને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર દ્વારા સૌરાષ્ટ્રમાં એનડીઆરએફની પાંચ ટીમ ફાળવી દેવામાં આવી છે. જેમાંથી એક ટીમના ૪૭ જવાન સાથે કંપની કમાન્ડર રાજકોટ આવી પહોંચ્યા છે.

# ગુમ કે ચોરી થયેલ રૂા.77 લાખના 20 મોબાઈલ ફોન શોધી કાઢતી પ્ર.નગર પોલીસ

## પીઆઈ ભાર્ગવ ઝણકાટ અને ટીમે CEIR પોર્ટલની મદદથી મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પરત કર્યા

સામના મિરર, સંવાદદાતા

પ્ર. નગર પોલીસ મથક વિસ્તારમાંથી ગુમ કે ચોરી થયેલ રૂા.૭૭ લાખના ૨૦ મોબાઈલ ફોન શોધી પોલીસે મોબાઈલ ફોન મૂળ માલિકને પરત કર્યા હતાં.

પ્રાપ્ત વિગત મુજબ, પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પોલીસ મથક વિસ્તારના ગુમ અથવા ચોરી થયેલા મોબાઈલ ફોન શોધવા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત સાયબર ક્રાઈમના પીએસઆઈ આઇ.એ.બેલીમ, બી.વી.ચુડાસમા અને ટીમે સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઇડેન્ટિટી રજીસ્ટર પોર્ટલના આધારે સતત મોનેટરીંગ કરી ગુમ અથવા ચોરાયેલ મોંઘાદાટ મોબાઈલ ફોનને ટ્રેક કરી શોધી કાઢવામાં આવ્યાં હતા.(જેમાં ગયા માસમાંરૂ.૩.૭૭ લાખની કિંમતના કુલ ૨૦ મોબાઈલ ફોન શોધીને તેના મૂળ માલિકને પરત કરાયા હતા. જે કામગીરીમાં પ્ર. નગર પોલીસ મથકના મહેન્દ્રભાઈ વાળા, અરવિંદભાઈ ઝાપડીયા, નગ્માબેન શેખ, જેસલબેન મોરી સહિતનો સ્ટાફ જોડાયો હતો.

### રૈયા રોડ પર ફૂડના 20 ધંધાર્થીને ત્યાં તપાસઃ ડઝન આસામીને લાયસન્સ લેવા નોટીસ

# કોલેરા ફેલાવી શકે એવા પાણીપુરીના પાણીનું સેમ્પલીંગ શરૂઃ હોકર્સ ઝોનમાં ડ્રાઈવ

**ચોમાસામાં મનપાએ ઘરની જગ્યામાંથી જ શરૂઆત કરીઃ ખાણીપીણી બજારમાંથી બટર, વડા, પનીર, મરચુ, આઇસ્ક્રીમ સહિતના 8 નમુના લેતો ફૂડ વિભાગ**

સામના મિરર, સંવાદદાતા

રાજકોટ જિલ્લાના ઉપલેટા પંથકમાં કોલેરાના બહાર આવેલા કેસ અને ચાર વ્યકિતના મૃત્યુની ઘટનાથી સમગ્ર જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડાદોડીમાં પડયું છે ત્યારે રાજકોટ શહેરમાં પાણીજન્ય રોગચાળો ફેલાવે તેવી ખાણીપીણીનું વેચાણ રોકવા ફૂડ વિભાગે સઘન ડ્રાઇવ ચાલુ કરી છે.ઝાડા-ઉલ્ટીથી માંડી કોલેરા સહિતનો રોગચાળો ફેલાવી શકે તેવી યાદીમાં આવતા પાણીપુરીના પાણીની ચકાસણી કરવાની કાર્યવાહી ફૂડ શાખાએ શરૂ કરી છે અને આ પાણી સહિતના કુલ આઠ નમુના લઇ લેબોરેટરી પરીક્ષણમાં મોકલ્યા છે.

ભુતકાળમાં પાણીપુરીનું પાણી આરોગ્ય માટે જોખમી હોવાનું ખુદ રાજય સરકાર કહી ચૂકી છે અને ત્યારે પાણી પુરી ન ખાવા પણ અપીલ કરી હતી. હવે રાજકોટ જિલ્લામાં જ કોલેરાના કેસ નોંધાતા શહેરમાં આરોગ્ય વિભાગ વધુ




દોડતો થયો છે.

નમુનાની કામગીરી અંગે માહિતી આપતા આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે કાલાવડ રોડ પર એ.જી.ચોકમાં આવેલા હોકર્સ ઝોનમાં આવેલી દિલખુશ પાણીપુરી અને શ્રીનાથજી ભેળ પાણીપુરીમાંથી પાણીના નમુના લેવામાં આવ્યા હતા. આ પાણીની ગુણવત્તા અને તેમાં ઉમેરવામાં આવતા મસાલા સહિતની વસ્તુનો લેબોરેટરી રીપોર્ટ કરાવવામાં આવશે.

આ રીતે અન્ય વિસ્તારોમાંથી પણ પાણીના નમુના લેવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત આ જ હોકર્સ ઝોનમાં આવેલ શુભમ સેન્ડવીચ અને જિલાની વડાપાઉંમાંથી લુઝ બટરના સેમ્પલ લેવાયા છે. આ દુકાનમાંથી બટેટાના વડાના સેમ્પલ પણ લેવાયા હતા. મનપાના આ જ હોકર્સ ઝોનમાં આવેલા જયશ્રી રામ ચાઇનીઝ પંજાબીમાંથી લુઝ પનીર, પટેલ ચાઇનીઝ પંજાબીમાંથી લાલ મરચુ અને ભેરૂનાથ કસાટા આઇસ્ક્રીમમાંથી લુઝ આઇસ્ક્રીમનો નમુનો પણ લઇ પરીક્ષણમાં મોકલવામાં આવ્યો છે.

રૈયા રોડ પર ચેકીંગઃ ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના રૈયા ચોકડીથી રૈયા ગામ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થીઓને ત્યાં ખાણીપીણીના ૧૯ નમુનાની સ્થળ પર ચકાસણી કરી હતી. જયારે ૧૨ ધંધાર્થીને લાયસન્સ માટે નોટીસ આપી હતી. જેઓને નોટીસ અપાઇ છે તેમાં (૧)રવિ પાર્સલ પોઇન્ટ (૨)ગંગોત્રી ડેરી ફાર્મ (૩)બાલાજી ફાસ્ટફૂડ (૪)બંસી પૂરીશાક (૫)સાંઇ ચાઇનીઝ પંજાબી (૬)જય ગોપાલ ઘૂઘરા (૭) શિવમ મદ્રાસ કાફે (૮)રવિરાંદલ દાળપકવાન (૯)રેવડી મદ્રાસ કાફે (૧૦)આત્મીય તેલ (૧૧)ખોડિયાર રેસ્ટોરેન્ટ (૧૨)બાલાજી નાસ્તાગૃહનો સમાવેશ થાય છે. ઉપરાંત ૧૩) કૃષ્ણમ નાસ્તા હાઉસ (૧૪)જનતા ડેરી ફાર્મ (૧૫) મારૂતિ આઇસ્ક્રીમ (૧૬)અતુલ આઇસ્ક્રીમ (૧૭)યુનિટી મિલ્ક (૧૮)રાધે ડેરી ફાર્મ (૧૯)જોકર ગાંઠિયા (૨૦)બાલાજી ફરસાણમાં પણ તપાસ કરવામાં આવી હતી.

# સબ રજિસ્ટાર કચેરી પાસે વીજ થાંભલા ઉપર વૃક્ષ પડતા કામગીરી ખોરવાઈ

**પીજીવીસીએલની ટીમે યુદ્ધના ધોરણે કામગીરી કરતા દોઢેક કલાકમાં વીજ પુરવઠો ફરી કાર્યરત કરાયો હતો**

સામના મિરર, સંવાદદાતા

શહેરના યાજ્ઞિક રોડ પર ધર્મેન્દ્રસિંહજી કોલેજ કેમ્પસમાં વૃક્ષ ધરાશાયી થઈ એક વીજ થાંભલા ઉપર પડતા થાંભલો ભાંગી ગયો હતો. અને વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.જેથી અહીં આવેલી સબ રજિસ્ટ્રાર કચેરીમાં કામગીરી ખોરવાઈ ગઈ હતી.જો કે, પક્ષકારો અને વકીલોને હાલાકી ન પડે તે માટે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા અન્ય નોંધણી કચેરીમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. બપોર બાદ અહીંની કચેરીમાં કામગીરી રાબેતા મુજબ શરૂ થઈ હતી.આ અંગે સબ રજિસ્ટ્રાર કચેરીના સૂત્રો અને વકીલો પાસેથી મળેલી વિગત મુજબ, સવારે ૯ વાગ્યે ધર્મેન્દ્રસિંહજી કોલેજ કેમ્પસમાં કાર્યરત સબરજિસ્ટાર કચેરી નં.૩ (ઘંટેશ્વર)અને નં.૪ (રૈયા) પાસે એક વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું.વૃક્ષ વીજપોલ અને વીજ વાયરો ઉપર પડતા વીજ પુરવઠો ખોરવાયો હતો. સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં વીજ પુરવઠો ઠપ્પ થતા તમામ કામગીરી અટકી પડે તેમ હતી. જેથી કચેરી ૧૦.૩૦ વાગ્યે કાર્યરત થાય તે પહેલા જ બપોર સુધીની તમામ દસ્તાવેજ નોંધણીના ટોકન જિલ્લા નોંધણી ભવન (જુની કલેકટર કચેરી પાસે) ખાતે ટ્રાન્સફર કરી દેવામાં આવેલ.આ તરફ પીજીવીસીએલના કર્મચારીઓએ દોડી આવી થાંભલો ભાંગી ગયો હતો તે બદલી નવો થાંભલો નાખવામાં આવ્યો હતો. વીજ વાયરો સરખા કરી અથવા જરૂર પડી ત્યા વીજ વાયરો બદલી વીજ પુરવઠો દોઢેક કલાકમાં જ ફરી પૂર્વવત કરાયો હતો.

અહીંના સબ રજિસ્ટાર ગોપાલભાઈ બરવાળીયાએ જણાવ્યું હતું કે, બનાવ કચેરી ખુલે તે પહેલા બન્યો હતો જેથી સદનશીબે કોઈ જાનહાની કે,કોઈને ઈજા થઈ નથી.પીજીવીસીએલના કર્મચારીઓએ પણ ખુબજ ઝડપથી કાર્યવાહી કરતા વીજ પુરવઠો ફરી શરૂ થઈ ગયો હતો. અહીં નોંધાયેલ તમામ ટોકન અન્ય કચેરીમાં ટ્રાન્સફર કરી દેવાતા વકીલો-પક્ષકારોને પણ હાલાકી પડી નહોતી બપોર બાદ અહીંની કામગીરી ફરી રાબેતા મુજબ શરૂ થઈ ગઈ હતી.

# પારડીમાં 35 વર્ષીય નરેશ રાઠોડનું હાર્ટએટેકથી મોત

સામના મિરર, સંવાદદાતા

રાજકોટ નજીક લોધિકા તાલુકામાં આવતા પારડી ગામે રહેતા ૩૫ વર્ષીય યુવાન ઘરે અચાનક બેભાન થઈ જતા તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અત્રે સારવાર દરમિયાન તેનુ મૃત્યુ નિપજતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, નરેશ મુળજી રાઠોડ (ઉ.વ.૩૫ રહે. પારડી ગામ, સહજાનંદ સોસાયટી) ને ગઈકાલે બપોરે પોણા બે વાગ્યા આસપાસ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવેલ જેનું ચાલુ સારવાર દરમિયાન રાત્રે ૮ વાગ્યા આસપાસ મોત નિપજ્યું હતું. પોલીસે પરિવારની પુછપરછ કરતા જાણવા મળેલ કે, નરેશ મજુરીકામ કરતો હતો.

૩ બહેન અને ૧ ભાઈમાં બીજા નંબરનો હતો. સંતાનમાં ૧ પુત્ર અને ૧ પુત્રી છે. ગઈકાલે બપોરે નરેશ પોતાના ઘરે હતો ત્યારે અચચાનક બેભાન થઈ જતા તેને તત્કાલ સારવારમાં ખસેડાયો હતો તેને ૬ મહિનાથી થાઈરોડની બિમારી હતી જેની સારવાર પણ ચાલુ હતી. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, તબીબોના અભિપ્રાય મુજબ મૃતકને હાર્ટએટેક આવ્યો હતો. શાપર પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

# આયુષ્યમાન યોજનામાં ગોટાળા રાજકોટની બાળકોની હોસ્પિટલને ૬.૫૪ કરોડનો દંડ

## લક્ષ્મીનગર મેઈન રોડ પરની નિહિત બેબીકેર હોસ્પિટલના ૫૨૪માંથી ૧૧૬ કેસમાં ગોલમાલ પકડાઈ ૬૫ લાખના ખોટા બીલ મૂકતા ૧૦ ગણી પેનલ્ટી સામાન્ય બિમાર બાળકોના રિપોર્ટમાં ચેડા કરી સરકારમાં મોટા બિલ મુકાતા આરોગ્ય અધિક નિયામક ડો. મિશ્રાનો હુકમ

સામના મિરર, સંવાદદાતા

ડોકટરને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. જીવન રક્ષક બનતા ડોકટરોએ અત્યારે ઉઘાડી લુંટ ચાલુ કરી છે. પૈસા કમાવવાની હોડમાં અનિતીના રસ્તે ચાલવા માંડયા છે તેવો જ એક કિસ્સો રાજકોટની નિહિત બેબીકેર હોસ્પિટલમાં સામે આવ્યા છે. જેમાં ડોકટરે આયુષ્યમાન યોજના હેઠળ કરવામાં આવેલ છેતરપીંડીમાં હોસ્પિટલને ૬.૫૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ગુજરાતમાં પ્રથમવાર એવી ઘટના બની છે જયાં એક હોસ્પિટલને ૬.૫૪ કરોડનો સૌથી વધુ દંડ ફટકારવામાં આવ્યો હોય. હાલ આ હોસ્પિટલને દંડ સાથે આયુષ્યમાન યોજનાનો સરકાર સાથેના કરારની યાદીમાંથી હોસ્પિટલનું નામ હટાવી દેવામાં આવ્યું છે જે નિહિત હોસ્પિટલને ચોકકસ મુદતમાં આ દંડની રકમ ફરજીયાતપણે ભરવાની રહેશે.લક્ષ્મીનગર મેઈન રોડ, ત્રિશુલ ચોક પાસે આવેલ નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.હિરેન મારૂ દ્વારા આ છેતરપીંડી કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને મળતી માહિતી મુજબ નિહિત બેબીકેર હોસ્પિટલમાં થતા લેબોરેટરીના




રિપોર્ટમાં વધુ ચાર્જ ઉમેરી સરકારને પોર્ટલમાં ચડાવવામાં આવતું હતું. અંદાજે ૧૧૬ લેબના રિપોર્ટમાં નિયત કરેલ ચાર્જથી વધુ ચાર્જ ઉમેરી સરકારના આયુષ્યમાન પોર્ટલ પર રિપોર્ટ જમા કરવામાં આવતા હતા.

આ કામગીરીમાં સરકારને ગડબડ લાગતા જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન ૬૫ લાખની છેતરપીંડી કરી હોવાનું સામે આવ્યુ હતું. આ રકમની ૧૦ ગણી પેનલ્ટી રકમ ૬.૫૪ કરોડનો દંડ હોસ્પિટલને ફટકારવામાં આવ્યો છે. નિહિત બેબીકેર હોસ્પિટલમાં નાના બાળકોને સારવાર આપવામાં આવે છે.

આયુષ્યમાન યોજના હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે સારવાર અને રિપોર્ટ કરી આપવામાં આવે છે. આ રિપોર્ટની નિયત રકમ સરકાર દ્વારા હોસ્પિટલને ચૂકવવામાં આવે છે પરંતુ વધુ પૈસા કમાવવાની લ્હાયમાં ડોકટરે ૫૨૪માંથી ૧૧૬ રિપોર્ટમાં વધુ ચાર્જ ઉમેરી પોર્ટલમાં રિપોર્ટ અપલોડ કર્યા હતા. એક મહિના પુર્વે ૩ મે ના રોજ આ હોસ્પિટલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

સરકારની ૧૦ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં રાજકોટના છ અધિકારીઓને સાથે રાખી તપાસ કરાવી હતી. ગુજરાતમાં પ્રથમ વખત સૌથી મોટો દંડ હોસ્પિટલને ફટકારવામાં આવ્યો હતો. છેતરપીંડી કરનાર હોસ્પિટલો સામે આ એક મોટી કાર્યવાહી છે.

# ઉપલેટામાં કોલેરાથી ૫ દિવસમાં ૫ બાળકનાં મોત

## વધુ એક બાળકે દમ તોડ્યો, ચોખ્ખું પાણી ન મળતાં કારખાનાના કૂવા-બોરનું પાણી પીતાં ૪૮ને ઝાડા-ઊલટી થયાં હતાં

સામના મિરર, સંવાદદાતા

ઉપલેટા પંથકમાં શનિવારે કોલેરાથી ૪ બાળકનાં મૃત્યુ નીપજ્યાં બાદ ૨ બાળકમાં ઝાડા-ઊલટીનાં લક્ષણો જણાતાં તેનાં સેમ્પલ લઈને જામનગર મેડિકલ કોલેજ ખાતે ટેસ્ટિંગ કરાવાયું હતું. એ બન્ને કેસ પોઝિટિવ આવ્યા હતા, જેમાંથી એક બાળકનું મૃત્યુ નીપજ્યાનું જિલ્લા આરોગ્યતંત્રે જણાવ્યું છે, આથી કોલેરાને કારણે બાળકોનો મૃત્યુઆંક ૫ પર પહોંચી ગયો છે. તપાસ કરતાં આ ગરીબ મજૂરો ગંદા લત્તામાં પ્લાસ્ટિકના વેસ્ટના ઢગલા પાસે રહેતા હતા. ચોખ્ખું, ફિલ્ટર અને જીવાણુમુક્ત કરેલું પાણી પૂરું પડાતું નહોતું, આથી કૂવા, બોરનું પ્રદૂષિત પાણી પીવા મજબૂર હતા અને એ કારણે ૪૮ લોકોને ઝાડા-ઊલટી થયાં હતાં. કોલેરાનો રોગ પ્રસરતાં સ્થાનિકોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે.

કોલેરા જાહેર થાય તો એ આખો વિસ્તાર જોખમી જાહેર કરવામાં આવતો



હોય છે. આ રોગચાળા અન્વયે સીએચઓ, આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, મેલ અને ફીમેલ હેલ્થવર્કર, આશાવર્કર, આરોગ્ય કેન્દ્રના મેલ અને ફીમેલ સુપરવાઈઝરો, તાલુકા હેલ્થ ઓફિસર, તાલુકા હેલ્થના બન્ને સુપરવાઈઝર વગેરે કુલ ૧૦ કર્મચારીને શો-કોઝ નોટિસ અપાઈ છે. ખુલાસા બાદ આગળની કાર્યવાહી કરાશે. ઉપલેટાના આ વિસ્તારમાંથી ઝાડા-ઊલટીના ૪૮ કેસ મળ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે નર્મદાની પાઈપલાઈન નજીકમાંથી પસાર થતી હતી, પરંતુ કારખાનેદારોએ નિયમ અનુસારના પૈસા ભરીને મજૂરો માટે ચોખ્ખા પાણીનાં નળ જોડાણ લીધાં નહોતાં.

કોલેરાના કેસને લઈને જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર પી.કે. સિંઘનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં ગત ૧૬ જૂનથી ઝાડા-ઊલટી સહિતના કેસ મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા. સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કુલ છ જેટલાં ગામોના ૨૫,૦૦૦ લોકોના સ્ક્રિનિંગ પણ કરાવવામાં આવ્યા છે. ઉપલેટા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમો દ્વારા જે જળસ્રોતોનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેના પણ સેમ્પલ લેવામાં આવ્યાં છે.વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ ૪ બાદ વધુ એક સહિત કુલ ૫ બાળકોનાં મોત થઈ ચૂક્યાં છે. દર્દીઓને સારવાર અર્થે ઉપલેટા તેમજ જામનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. કલેક્ટર વિભાગ દ્વારા છ જેટલાં કારખાનાં હાલ સીલ કરવામાં આવ્યાં છે. કેટલાંક ઔદ્યોગિક એકમો દ્વારા કૂવાના પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. જ્યારે કે કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા બોરના પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. તણસવા અને ગણોદ વિસ્તારમાં ૧૧ જેટલા પ્લાસ્ટિક રિસાઈક્લિંગનાં કારખાનાં આવેલાં છે. જેમાં મોટાભાગના પરપ્રાંતીય મજૂરો પોતાના પરિવાર સાથે રહીને કામકાજ કરે છે. અત્યારસુધીમાં ૬ કારખાનાં સીલ કરવામાં આવ્યાં છે.




"વ્યાજખોર વિરૂધ્ધ ઝુંબેશ એક મહિના સુધી ખાસ ચલાવવામાં આવશે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશેઃ પો.કમીશનર"

# વ્યાજંકવાદ ડામવા લોકદરબારનું આયોજનઃ વ્યાજખોરોથી બચવા માટે ન્યાયની માગ

સામના મિરર, સંવાદદાતા

બેફામ બનેલા વ્યાજખોરોના ત્રાસથી અનેક લોકોના પરિવારનો માળો પિંખાઇ ગયો છે. પઠાણી ઉઘરાણી સાથે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી અનેક લોકોએ આપઘાત કરવા મજબુર થવું પડ્યું છે અને પોલીસની પણ વરવી ભૂમિકા હોવાના આક્ષેપ થયા છે. ત્યારે વ્યાજખોરોથી લોકોને બચાવવા પોલીસ દ્વારા આજે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકદરબારમાં બીમાર બાળકની સારવાર માટે વ્યાજે લીધેલા નાણાની પઠાણી ઉઘરાણીથી કંટાળી દિવ્યાંગ બાળકને લઈ પરિવાર ન્યાય માટે પહોંચ્યો હતો.

રાજકોટ શહેરના ટાગોર રોડ પર હેમુગઢવી હોલ ખાતે રાજકોટ શહેર પોલીસ દ્વારા વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે લોકો પાસે સામે ચાલી પહોંચી લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાયેલ લોકદરબારમાં વ્યાજખોરોનાં ત્રાસથી પીડાતા લોકો પોતાની અરજી અને ફરિયાદ સાથે તેમના નાના નાના બાળકો સાથે આવી પહોંચ્યા હતા તો કેટલાક સિનિયર સિટીઝનો પણ વ્યાજખોરોથી બચવા માટે ન્યાયની માગ સાથે પોલીસ પાસે પહોંચ્યા હતા.

તોતિંગ વ્યાજ વસૂલતા વ્યાજખોરો નાણાં વસૂલવા માટે કાયદો હાથમાં લેતા પણ ખચકાતા નથી. કેટલાક કિસ્સામાં વ્યાજખોરો રૂપિયા વ્યાજે લેનારને માર મારી ઘર કે ઓફિસ પહોંચી ધાક-ધમકી આપતા હોય છે જેથી ગભરાઈને અગાઉ



અનેક લોકોએ આપઘાત કર્યાની ઘટના બની છે. વ્યાજખોરો સામે ફરિયાદ નોંધવામાં પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા ગલ્લા-તલ્લા કરવામાં આવતા હોવાના પણ આક્ષેપો થયા છે. ત્યારે લોકો બિન્દાસ્ત પણે વ્યાજખોરો અંગે ફરિયાદ કરી શકે તે માટે પોલીસ કમિશનર દ્વારા લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાયેલા લોકદરબારમાં અરજદારો આવી પહોંચ્યા હતા જેમની અરજી પોલીસે સ્વીકારી હતી અને ફરિયાદ આપવા ઈચ્છતા લોકોની આગામી દિવસોમાં ફરિયાદ લઇ વ્યાજખોર સામે ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરવમાં આવશે.

રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ લોકોને પ્રવચન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતીમાં કહેવત છે કે જેટલી ચાદર હોય તેટલા પગ પસારીએ... એટલે કે આપણે કોઈ પણ બર્થડે પાર્ટી હોય કે લગ્ન પ્રસંગ હોય આપણે આપણી કેપેસીટી મુજબ આયોજન કરવું જોઈએ. આજુ બાજુમાં લોકો કરોડો રૂપિયા ખર્ચે તો આપણે પણ કરોડો ખર્ચવા એવું ન જોવું જોઈએ. આ સાથે વ્યાજે રૂપિયા ન લેવા જોઈએ જરૂરિયાત હોય તો બેન્કમાંથી લેવા જોઈએ અથવા તો કોઈ જગ્યાએથી રૂપિયા વ્યાજે લેવામાં આવે તો તેનું ચોક્કસ લખાણ કરવું જોઈએ જેમાં કેટલા રૂપિયા કેટલી કિંમતે શું કન્ડિશનથી લેવામાં આવે તે અને પરત આપતી વખતે પરત આપ્યાનું લખાણ પણ કરવું જોઈએ અને વ્યવહારો ચેકથી જ કરવા જોઈએ જેથી તમામ પુરાવા મેળવી શકાય અને ગુનો બને તો ફેલિયડ પણ કરી શકાય.

આ સાથે તેમને વધુમાં જણાવ્યું હતું કે, વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા માટે પોલીસ તૈયાર છે. પાછલા વર્ષે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૦ જેટલી અરજી મળી હતી અને આ પૈકી ૪૭ અરજીમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને ૬૫ આરોપીઓની ધરપકડ કરી ૨ આરોપીઓ સામે પાસા હેઠળ ધકેલી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ વખતે પણ આ ઝુંબેશ એક મહિના સુધી ખાસ ચલાવવામાં આવશે. જેટલી અરજીઓ મળશે તેમાં અભ્યાસ કરી ફરિયાદ દાખલ કરી આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ફરિયાદી આદિત્ય વસોયાએ જણાવ્યું હતું કે, ૨૦૨૧માં મારા પુત્રનો જન્મ થયો હતો. ત્યારે મૌલિક રાજાણી અને મોહિત રાજાણી પાસે થી ૧૦ લાખ રૂપિયા બાળકની સારવાર માટે ૫ ટકા લેખે વ્યાજે લીધા હતા. જોકે અમે ૮ લાખ રૂપિયા પરત આપી દીધા છતાં ૭૦ લાખની માંગણી કરી રહ્યા છે. ઘરે આવી ધાક ધમકી આપી પોલીસ અમારૂં કાંઈ નહિ કરે અમારા સંબંધીઓ રાજકોટ બાર એસોસિએશનમાં પ્રમુખ છે અને બુકી છે તેવું કહી ધમકીઓ મારે છે. જયારે પીડિતના પત્નીએ કહ્યું હતું કે, મારા પુત્રને સારવાર માટે ૬ મહિના દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં અમે ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. તેમ છતાં વ્યાજખોરને અમે ૮ લાખ ચૂકવી દીધા છે પણ હવે તે ૭૦ લાખ રૂપિયાની માગ કરે છે. આ ઉપરાંત માધુભાઈ ગોહેલએ જણાવ્યું હતું કે, મારા કાકાના દીકરા ભાઈની પત્નીએ મહિલા વ્યાજખોરના કારણે આપઘાત કરી મોત વ્હાલું કરી દીધું છે આમ છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

# સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યુંઃ સરેરાશ ૨ ઈંચ સુધીનો વરસાદ



રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદનું જોર થોડુ ઓછું થવા પામ્યું છે અને ૧૧૪ તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડવા પામ્યો હતો. જુદા જુદા જિલ્લાઓમાં ૦.૫ થી ૨ ઈંચ સુધીનો જ વરસાદ પડવા પામ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી સેલનાં જણાવ્યા મુજબ સાબરકાંઠાનાં પોશીના અને બનાસકાંઠાનાં દાંતીવાડામાં ૨ ઈંચ, વલસાડના ઉમરગામમાં દોઢ ઈંચ તેમજ કચ્છનાં ભુજમાં પણ દોઢ, નખત્રાણામાં દોઢ, માંડવીમાં સવા, બોટાદમાં એક ઈંચ, ગઢડામાં સવા, ડિસામાં ૧ ઈંચ તથા તાપી, પાટણ, અરવલ્લી, મહિસાગરમાં ૦.૫-૦.૫ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો હતો.ખંભાળિયા પંથકમાં અવિરત રીતે જારી રહેલા બફારા અને વરસાદી વાતાવરણ બાદ ગઈકાલે ગુરુવારે બપોરે પુન ધીમા તથા ભારે ઝાપટા રૂપે વરસાદ વરસ્યો હતો. જેમાં બપોરે ૪ વાગ્યા સુધી માં ૧૯ મી.મી. પાણી વરસી જતા શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આ સાથે કલ્યાણપુર તાલુકામાં પણ ૯ અને દ્વારકામાં ૨ મી.મી. વરસાદ વરસી જવા પામ્યો છે. ખંભાળિયા તાલુકામાં જિલ્લાનો સૌથી વધુ ૩૯૦ મી.મી. વરસાદ થયો છે. જ્યારે ભાણવડ ૧૦૮, કલ્યાણપુર ૬૭ અને દ્વારકા તાલુકામાં કુલ ૪૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગઈકાલે ગુરૂવારે બપોરે વીજળીના ગડગડાટ સાથે વરસેલા વરસાદના કારણે ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ તમે રહેતા અને કેશોદ ગામના વાડી વિસ્તારમાં કામ કરી રહેલા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની એવા પરપ્રાંતીય શ્રમિક બલ્લુભાઈ મેહતાબ અલાવા નામના ૫૨ વર્ષના આધેડના વાંસાના ભાગે આકાશી વિજ ત્રાટકતા તેમને ઈમરજન્સી ૧૦૮ ના સ્ટાફે સી.પી.આર. સારવાર આપી, અહીંની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. જે અંગેની જાણ મૃતકના પત્ની રૂખડીબેન અલાવાએ અહીં પોલીસને કરી છે.આ ઉપરાંત અન્ય એક ગ્રામ્ય વિસ્તારમાં આકાશી વીજ ત્રાટકતા કેટલાક પશુઓના પણ મોત નિપજ્યા હતા.આજરોજ સવારથી રાબેતા મુજબ વરાપ નીકળ્યો હતો અને ગરમી સાથે સૂર્યનારાયણના દર્શન પણ થયા હતા.ભાવનગર શહેરમાં પણ ગત બપોરે ધોધમાર સવા ઈંચ વરસાદ પડી ગયો છે.

**કેશોદમાં વિજળી પડતા શ્રમિકનું મોત નિપજ્યું બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, કચ્છમાં ૧ થી ૨ ઈંચ ખંભાળીયામાં સવા, ભાવનગર જિલ્લામાં એક થી સવા, સોરઠમાં ૦.૫ થી ૧ ઈંચ જુનાગઢનો આણંદપુર ડેમ ઓવરફ્લો**

જ્યારે જિલ્લાના ઘોઘા, મહુવા અને શિહોર પંથકમાં એક-એક ઈંચ વરસાદ પડ્યો છે. પાલીતાણા, ઉમરાળા અને તળાજામાં અડધો - અડધો ઈંચ વરસાદ પડ્યો હતો.ગોહિલવાડ પંથકમાં સમગ્ર જિલ્લામાં વરસાદ પડ્યો છે. ભાવનગર શહેરમાં ઝરમર ઝરમર વરસાદ આવ્યા બાદ બપોરે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં સવા ઈંચ થી વધુ વરસાદ પડી જતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

# ગુજરાતે બોગસ બીલીંગ કૌભાંડોથી ૧૧૬૧૩ કરોડની ટેકસ આવક ગુમાવી

- **ટેકસ ચોરીમાં ચિંતાજનક વધારો; ગત વર્ષની સરખામણીએ ૩૦ ટકા વધી ગઈઃ કૌભાંડો રોકવા નવા નિયમો છતાં ટેકસચોરો નવી છટકબારી શોધી લ્યે છે**




અમદાવાદ, તા.૨૭ઃ ઈઝ ઓફ ડુઈંગના ભાગરૂપે વેપાર-ઉદ્યોગકારો માટે જીએસટી પ્રક્રિયા સરળ બનાવવામાં આવી રહી હોવા છતાં ટેકસચોરીનો પડકાર હજુ દુર થતો નથી. જીએસટી લાગુ થયાને છ વર્ષ કરતા વધુનો સમય થઈ ગયો છે. સિસ્ટમ હજુ ફુલપ્રુફ બની શકી ન હોય તેમ ટેકસચોરીમાં વર્ષોવર્ષ વધારો જ થઈ રહ્યો છે.

વન નેશન વન ટેકસ અંતર્ગત લાગુ થયેલા જીએસટીને સાત વર્ષ થવા આવ્યા છે. આ દરમ્યાન ગુજરાતમાં ૯૪૭૬૧ કરોડના બોગસ બીલીંગ મારફત ૧૧૬૧૩ કરોડની ટેકસચોરીનો પર્દાફાશ થયો છે.

રાજય જીએસટી વિભાગના ૨૦૧૭-૧૮થી ૨૦૧૪-૧૫ના નાણાકીય વર્ષના ડેટા એવુ સૂચવે છે કે બોગસ બીલીંગ અને ટેકસચોરીના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો છે. વિભાગ દ્વારા ટેકસચોરીના માસ્ટર માઈન્ડ સહિત ૧૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

બોગસ બીલીંગ-ટેકસ કૌભાંડ રોકવા માટે નિયમોમાં શ્રેણીબદ્ધ સુધારા કરવામાં આવ્યા હોવા છતાં બોગસ બીલીંગ કૌભાંડમાં કોઈ રોક આવતી નથી. પરિણામે સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે. ટેકસ વિભાગના જ સૂત્રોના કહેવા પ્રમાણે ૧૧૬૧૩ કરોડની ટેકસ ચોરીનો પર્દાફાશ કરાયો તેમાંથી માત્ર પાંચ ટકા અર્થાત ૫.૫૦ કરોડ જેવી રકમની વસુલાત થઈ શકી છે.

ગત નાણાકીય વર્ષમાં જ બોગસ બીલીંગના ૨૭૧૯ કેસો પાડવામાં આવ્યા હતા. ટેકસચોરી માટે મોટાભાગે બનાવટી રજીસ્ટ્રેશન સાથે બોગસ પેઢીઓ રચવામાં આવતી હોય છે. આવા કેસોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે.

આ વર્ષમાં ૨૨૬૮૦ કરોડનુ બોગસ બીલીંગ ટર્નઓવર પકડવામાં આવ્યુ હતું અને તેમાં ૩૭૩૦ કરોડની ટેકસચોરી થઈ હતી. આગલા વર્ષની સરખામણીએ બોગસ બીલીંગ આધારિત ટર્નઓવરમાં ૩૭ ટકાનો ઘટાડો થયો હતો પરંતુ ટેકસચોરી ૩૦ ટકા વધી ગઈ હતી.

બોગસ બીલીંગ કૌભાંડો પકડવા સેન્ટ્રલ તથા સ્ટેટ જીએસટી વિભાગે સંયુક્ત અભિયાન ચલાવ્યુ છે. કૌભાંડો રોકવા માટે નવા જીએસટી રજીસ્ટ્રેશન માટે બાયોમેટ્રીક ઓળખ ફરજીયાત કરતો પાયલોટ પ્રોજેકટ ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો હતો તેને કારણે રાજયમાં નવા રજીસ્ટ્રેશનની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ગુજરાતમાં ટેકસ કૌભાંડો રોકવા માટે શ્રેણીબદ્ધ કદમ ઉઠાવવામાં આવ્યા છે અને તેની રાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવામાં આવી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.29/6/2024 SATURDAY 

# આજે કલેકટર કચેરીમાં લોકમેળા સમિતીની બેઠક;
# મેળાની કામગીરી માટે ૧૯ સમિતીઓની કરાશે રચના

### ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પગલે રાઈડ સેફટીના મુદ્દા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરાશે આ વખતે સાંઢીયા પુલ બંધ હોય ટ્રાફિકનો પ્રશ્ન સર્જાવાની ભીતિઃ લોકમેળો રેસકોર્સ ગ્રાઉન્ડમાં જ યોજાશે રાઈડ્સના ભાવમાં વધારો પણ થશે નહીં

સામના મિરર, સંવાદદાતા
રાજકોટ કલેકટર કચેરી ખાતે આવતીકાલે તા.૨૯ને શનિવારે બપોરના ૧૨-૩૦ કલાકે લોકમેળા સમિતીની બેઠક જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવી છે.



જેમાં ભાતીગળ લોકમેળાના આયોજન અંગે ચર્ચા તેમજ વિવિધ ૧૯ જેટલી સમિતિઓની રચના કરવામાં આવનાર છે. આ બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડ બાદ કલેકટર પ્રભવ જોશી દ્વારા લોકમેળા માટે સાવચેતીના ભાગરૂપે નવું સ્થળ શોધવા માટે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારને જવાબદારી સોપવામાં આપી હતી.

જેમાં શહેરના નવા રીંગ રોડ ઈશ્વરીયા, કણકોટ સહિતના વિસ્તારોમાં અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં સમથળ ગ્રાઉન્ડ નહીં મળતા અંતે રેસકોર્ષ ગ્રાઉન્ડમાં જ આ મેળાનું આયોજન યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

જેમાં આ વખતે સાંઢીયા પુલ બંધ હોય તેના કારણે જન્માષ્ટમીના લોકમેળા સમયે ટ્રાફીક સમસ્યા સર્જાવાની શકયતા રહેલી છે. આ ઉપરાંત ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના પગલે આ વખતે રાઈડ સેફટીના મુદ્દા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર છે.

લોકમેળા સમિતી દ્વારા પ્રતિ વર્ષે જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે રાંધણ છઠ્ઠથી દશમ સુધી એટલે કે પાંચ દિવસનો ભાતીગળ લોકમેળો આયોજિત કરવામાં આવે છે. તે અંગેની તૈયારીઓ કલેકટર તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. જેમાં આવતીકાલે લોકમેળા સમિતીની પ્રથમ બેઠક કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે ગત વર્ષે જન્માષ્ટમીના લોકમેળાના ચકડોળ-રાઈડસના ભાવમાં વધારો ઝીંકાતા દેકારો બોલી જવા પામેલ હતો. જેથી ચાલુ વર્ષે રાઈડ્સના ભાવમાં કોઈ વધારો થવાની શકયતા રહેતી નથી.

આ ભાતીગળ લોકમેળાના સુચારૂ આયોજન માટે વહીવટી તંત્ર દ્વારા માઈક્રો પ્લાનીંગ સાથે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેમાં આવતીકાલે યોજાનાર પ્રથમ બેઠકમાં લોકમેળા માટે લાઈટ, ડેકોરેશન, મંડપ, સ્ટેજ, સાંસ્કૃતિક સહિતની વિવિધ ૧૯ સમીતિઓની રચના કરવામાં આવનાર છે.

# ૫ થી ૧૦% વેરા વળતરની યોજના આજે પૂર્ણ :
# રવિવારે લોકો માત્ર ઓનલાઈન વેરો ભરી શકશે

સામના મિરર, સંવાદદાતા
મ્યુનિ. કોર્પોરેશનની ચાલુ નાણાકીય વર્ષની વેરા વળતર યોજના પૂરી થવા આડે માત્ર બે દિવસ છે અને આવતીકાલ શનિવારે કોર્પો.માં વેરો ભરવાનો છેલ્લો દિવસ છે ત્યારે અત્યાર સુધીમાં તંત્રને ૨૪૨ કરોડથી વધુની આવક થઇ ચૂકી છે.



નાણાકીય વર્ષ શરૂ થયું ત્યારે એપ્રિલ અને મે મહિનામાં એડવાન્સ વેરો ભરતા પ્રમાણિક કરદાતાઓ માટે દર વર્ષની જેમ રીબેટ યોજના જાહેર કરવામાં આવી હતી. મહિલા મિલ્કતધારકને ૧૫ ટકા અને પુરૂષ મિલ્કતધારકને ૧૦ ટકા વળતરનો લાભ આપવામાં આવ્યો હતો. આ બાદ ચાલુ જુન મહિનામાં અનુક્રમે ૧૦ અને ૫ ટકા વતળરની યોજના ચાલુ છે.

આ સ્કીમ તા.૩૦ જુને પૂરી થશે. પરંતુ છેલ્લા દિવસે રવિવાર આવતો હોવાથી મનપા કચેરીમાં કાલે શનિવાર સાંજ સુધી જ રોકડ અને ચેકથી વેરો ભરી શકાશે. જોકે હવે ૬૦ ટકાથી વધુ કરદાતા ઓનલાઈન વેરો ભરતા હોય, કોર્પો. અને નાગરિકો બંનેની સગવડતામાં વધારો થયો છે.

કાલે સાંજે કોર્પો. કચેરીમાં સ્કીમ પૂરી થશે અને રવિવારે રાત્રી સુધી ઓનલાઈન વેરો ભરીને વળતર મેળવી શકાશે. ૧૦ અને ૫ ટકાવાળી વળતર યોજનામાં ચાલુ મહિનામાં ૨૧૨૬૨ નાગરિકોએ એડવાન્સ વેરો ભર્યો છે. ચાલુ મહિનામાં ૧૮.૨૩ કરોડની વેરાની આવક થઇ ચૂકી છે. તેમાં રોકડ તથા ચેકથી ૮૯૫૬ લોકોએ ૧૦.૪૭ કરોડ અને ૧૩૩૦૬ કરદાતાએ ૭.૭૬ કરોડની રકમ ઓનલાઈન ભરી છે. ચાલુ મહિનામાં ૬.૯૯ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.

**જુન માસમાં ૨૧૨૬૨ નાગરિકે ટેકસ ચૂકવ્યો ચાલુ વર્ષમાં ૬૦ ટકા લોકોએ ૨૪૩ કરોડ જમા કર્યા ૨૪ કરોડનું વળતર**

એકંદરે બંને સ્કીમમાં આજ સુધીમાં ચાલુ નાણાકીય વર્ષની કુલ આવક ૨૪૨.૬૨ કરોડ થઇ છે. જે સામે પ્રમાણિક કરદાતાઓને ૨૪ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. આજ સુધીમાં મનપાના ચોપડે રહેલા ૬ લાખ જેટલા કરદાતામાંથી ૩.૨૮ લાખ નાગરિકોએ વેરો ભરી દીધો છે. આ રીતે આ વખતે ૬૦ ટકા જેટલા પ્રમાણિક નાગરિકોએ ફરજ અદા કરી દીધી છે.



# રાજકોટીયન્સને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે

# ૧૮૫ કરોડના ૪ નવા ફ્લાય ઓવર બનશે

## નવા ફ્લાય ઓવર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નિર્માણ થશેઃ શિહોરમાં ટાઉનહોલ નિર્માણ માટે રૂ. ૮.૩૧ કરોડ અને ગોંડલમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવા રૂ. ૬.૯૨ કરોડના કામોની સૈદ્ધાંતિક અનુમતિ



સામના મિરર, સંવાદદાતા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો-નગરોના લોકોના જનજીવનની સુવિધા સુખાકારીમાં વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ નિર્ણય લઈને રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર માટે રૂ.૧૮૫ કરોડ સહિત સૌરાષ્ટ્ર વિસ્તાર માટે કુલ રૂ.૨૪૭.૯૨ કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવર બ્રિજ ઘટક અંતર્ગત મુખ્યમંત્રીએ રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર નિર્માણની મહાનગરપાલિકાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદઅનુસાર, કુલ રૂ. ૧૮૫.૭૯ કરોડના અંદાજિત ખર્ચે રાજકોટમાં કટારીયા ચોકડી પર અંડરબ્રિજ અને ફ્લાય ઓવર બ્રિજના ફેઝ-૨નું કામ, રૈયા ગામથી સ્માર્ટ સિટીના ડી.પી. રોડ પર વોકળા બ્રિજ નિર્માણ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કટારીયા ચોકડીથી સ્માર્ટ સિટી જતા રોડ પર ત્રણ બ્રિજના વાઈડનીંગ કામ તેમજ ખોખળ દળ નદી ઉપર કોઠારીયા તથા લાપાસરીને જોડતા માર્ગ પર હાઈ લેવલ બ્રિજ બનાવવાના કામોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રીએ રાજકોટ મહાનગરપાલિકાના ફ્લાય ઓવરના કામો સહિત સૌરાષ્ટ્રના ભાવનગર, શિહોર, ગોંડલ અને માળિયા-મિયાણા માટે પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી વિકાસ કામો માટે રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે.

**માળિયા-મિયાણા નગરપાલિકા દ્વારા બે કરોડના ખર્ચે સી.સી રોડ નિર્માણ માટે મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી**

આ સંદર્ભમાં મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિકાસ વિભાગની રજૂ થયેલી વિવિધ દરખાસ્તોમાંથી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના નવ ગામો પૈકીની સૂચિત નગર યોજના ૩૧ અને વરતેજ ગામતળના વિસ્તારની ભૂગર્ભ ગટર યોજના માટે તેમણે ૪૫.૬૯ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે. એટલું જ નહીં, નગરોમાં આગવી ઓળખના કામો પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિહોર નગરપાલિકામાં આવા આગવી ઓળખના કામ તરીકે ટાઉનહોલ બનાવવાના હેતુસર રૂ. ૮ કરોડ ૩૧ લાખ ૫૦ હજારના કામોની સિદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમણે ગોંડલ નગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નિર્માણ માટે રૂ. ૬ કરોડ ૯૨ લાખ ૮૪ હજારના કામો મંજૂર કર્યા છે. ડ વર્ગની નગરપાલિકા માળિયા-મિયાણાને આઉટ ગ્રોથ વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાના ચાર કામ માટે બે કરોડ રૂપિયાના કામોની અનુમતિ પણ મુખ્યમંત્રીએ આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવા અવસરે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહેરોની માળખાકીય સુવિધાઓને પરિપૂર્ણ કરવાના હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલી બનાવેલી છે. વર્ષ ૨૦૦૯-૧૦થી ૨૦૨૩-૨૪ સુધીમાં રૂ. ૫૫ હજાર કરોડની બજેટ જોગવાઈઓ આ યોજના અન્વયે કરવામાં આવી છે. આ બજેટ ફાળવણી અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના, આગવી ઓળખના કામો, મુખ્યમંત્રી શહેરી સડક યોજના, આઉટગ્રોથ એરિયા ડેવલપમેન્ટ કામો, મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સેવા, રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજ નિર્માણ સહિતના જન-સુખાકારીના કામો રાજ્યના નગરો-મહાનગરોમાં હાથ ધરવામાં આવે છે.

# શિવવંદના ટ્રસ્ટ શિવાય હોલીડેઝ આયોજીત આદિ કૈલાસમાં શિવમહાપુરાણમાં શહિદો માટે યાત્રિકોની અનોખી શિવવંદના






રાજકોટ, તા. ૨૯: તાજેતરમાં શિવવેદના ચેરી-ટ્રસ્ટ અને શિવાય હોલીડિઝના સંયુક્ત ઉપક્રમે આદિ કૈલાસ વિસ્તારમાં વિશ્વમાં સૌપ્રથમ શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ ની સાથે આદિ કૈલાસ યાત્રાનું આયોજન થયેલ, સતત સાત દિવસ વાતાવરણ ખૂબજ અનુકૂળ રહેતા તમામ ૧૩૦ યાત્રિકોએ આદિકૈલાસના સંપૂર્ણ દર્શન અને સાથે પાર્વતી સરોવર અને ગૌરીકુંડના દર્શનનો દૂર્લભ લાભ મળ્યો. ૐ પર્વતના સંપૂર્ણ અદ્ભુત-અલૌકિક દર્શનથી યાત્રિકો ભિભૂત બન્યા. આદિ કૈલાસ અને ૐ પર્વત બેનેની પાવન ભૂમિ પર રાષ્ટ્રદવજ સાથે રાઠષ્ટ્રગાન અને શહિદોને યાત્રકો દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ.

આંતર્રાષ્ટ્રીય શિવક્યાકાર પૂ. હંસદેવગિરિ બાપુના વ્યાસાસને શિવકથાનું આયોજન અને રસયાનથી યાત્રિકોને પૂ.બાપુએ યોતાની ઉત્તમ વાણી દ્વારા યાત્રિકોને સાચેજ શિવની સૃષ્જિના દર્શન કરાવ્યા હતા. યાત્રા દરમ્યાન પંડીતજી પ્રમોદભાઈ દવે એ તમામ યાત્રિકોને હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ, પાર્થિવ શિવલિંગ પૂજા, પિતૃતર્પણ સહિતની તમામ ધાર્મિક વિધિઓ વિધિ વિધાન સાથે કરાવી યાત્રિકોને ધાર્મિક અનુષ્ઠાન કરાવ્યુ. ડો. ગોસ્વામી એ શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ દરમ્યાન વિવિધ હેતુ શ્રી માટે અનુદાનની અપીલ કરતા કુલ રૂ૧ ૧૨,૫૦,૦૦૦ જેટલું અનુદાન પ્રાપ્ત થયું હતું. આમ આ માત્ર યાત્રા જ નહીં પરંતુ ધર્મ- સમાજ-રાષ્ટ્ર અને શહિદો ના કલ્યાણ માટે યાત્રકોએ આશરે ૨૦ લાખનું યોગદાન આપી સાચા અર્થમાં યાત્રાને યાદગાર બનાવવાની સાથે પૂણ્યનું ભાથુ બાંધી સેવાકાર્યનો અનોખો યજ્ઞ ચલાવી મહાદેવની કૃપાના અધિકારી બન્યા.

## વેરાવળમાંથી મેચ પર સટ્ટો રમી રહેલા ત્રણ સટોડીયાઓને ઝડપી પાડતા બુકીઓમાં ફફડાટ



(સામના મિરર, સંવાદદાતા)

વેરાવળ, તા. ૨૯: હાલ ચાલી રહેલ ક્રિકેટ વર્લ્ડ કપના ગઈકાલે રમાયેલ ભારત - ઈંગ્લેન્ડ ક્રિકેટ મેચ પર વેરાવળમાં ક્રિકેટનો સટ્ટો રમી રહેલા (૧) અશલમ ઈસ્માઈલ શમા, (૨) સરફરાજ આમદ મલેક, (૩) સમીર જીતેન્દ્ર પરમાર ત્રણેય રહે.વેરાવળ વાળાઓને ક્ઈઇ ના પીઆઈ એ.બી.જાડેજાની સુચનાથી સ્ટાફે દરોડો પાડીને હારજીત અને સેસનમાં ઓવર તથા રન ફેરનો કીકિટ સટ્ટો રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ ત્રણેય સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્ઈઇ ની કાર્યવાહીના પગલે સટ્ટો રમતા અને રમાડતા બુકીઓમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે.

## ધોરાજી દાતારવાળી સીમમાં જુગાર ધામ થમાં રૂ. ૭૯૪૦૦ સાથે ૬ શખ્સો ઝડપાયા

ધોરાજી, તા. ૨૯: : ધોરાજી દાતારવાળી સીમ માં જુગાર ધામ માં રૂપિયા૭૯૪૦૦ સાથે ૬ શખ્સો ઝડપાયા

ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ વિક્રમસિંહ જેઠવા તેમજ તેમના સ્ટાફ દ્વારા ધોરાજી શહેરના અવેડા ચોક દાતારવાડી વિસ્તારમાં વાડીમાં જુગારધામ ચાલતું હોવાની ચોક્કસ વાતને આધારે રેડ પાડતા કુલ રૂપિયા ૭૯૪૦૦ સાથે ૬શખ્સો ને ઝડપી લીધા હતા

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ નાઓએ દારૂ તથા જુગારની

પ્રવૃતી નેસ્ત નાબુત કરવા સુચના આપેલ હોય જેથી ધોરાજી તાલુકા પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ.વી.જી.જેઠવા

તથા સર્વેલન્સ સ્ટાફ ધોરાજી તાલુકા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ધોરાજી તાલુકાની દાતારવાડી

સીમના માર્ગ વાળા રસ્તે અનીલભાઇ ઉર્ફે અન્ના નાથાભાઇ વઘાસીયા રહે ધોરાજી વાળાની વાડીએ

ઓરડી/મકાનમા બહારના માણસો બોલાવી જુગારનો અખાડો ચલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવીતમામ આરોપીઓ પૈસા પાના વતી રોન પોલીસ નો તીન પતી નો જુગાર રમી રમતા કુલ રોકડ રૂપીયા-૭૯૪૦૦/-મુદામાલ સાથે મળી આવતા તેના વિરુધ્ધ ધોરાજી તાલુકા પો.સ્ટે.માં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી અનીલભાઇ નાથાભાઇ વઘાસીયા, શંભુભાઇ ત્રિકમભાઇ મકવાણા દિલિપભાઇ કાળાભાઇ જમોડ, અમુતભાઇ બચુભાઇ ત્રાડા, રાજેશભાઇ લાલજીભાઇ પટેલ, વિંકલભાઇ જેન્તીભાઇ વાછાણી,

રહે તમામ ધોરાજી કબ્જે કરેલ મુદામાલ

ગંજી પત્તાના પાના નંગ ૫૨ કિં.રૂ.૦૦/ રોકડા રૂપીયા ૭૯૪૦૦ સાથે કુલ છ આરોપીઓને ઝડપી લીધા હતા

આ કામગીરીમા ધોરાજી તાલુકા પો.સ્ટે.ના પોલીસ સબ ઈન્સ. વી.જી.જેઠવા તથા એ.એસ.આઇ

પરબતભાઇ શામળા તથા પો.હેડ કોન્સ.મનીષભાઇ વરૂ તથા વિજયસિંહ જાડેજા તથા દિવ્યરાજસિંહ પઢીયાર તથા જગદિશભાઇ સુવાણ વિગેરે રોકાયેલ હતા.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# જ્વેલરી ઈન્ડસ્ટ્રીના હિતમાં ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશનએ સરકાર સમક્ષ મહત્વની માંગણીઓ રજૂ કરી

**■ સમગ્ર દેશમાં માત્ર IIBX$ દ્વારા જ સોના અને આયાતને મંજૂરી આપવા માંગઃ જૂનું સોનું ખરીદતી વખતે GST હટાવવા, બંધ કરેલ સહકારી લાઇસન્સ ફરી શરૂ કરવા સહિતની રજૂઆતો**



રાજકોટ, તા.૨૮ : ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશનએ જ્વેલરી ઈન્ડસ્ટ્રીના હિતમાં સરકાર સમક્ષ કેટલીક મહત્વની માંગણીઓ રજૂ કરી છે ડેપ્યુટી ચીફ ગુજરાત ઈઈઉંઅ મયુર આડેસરા આ માગણીઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે કસ્ટમ ડ્યુટી શક્ય એટલી ઘટાડવી જોઈએ જેથી દાણચોરીને રોકી શકાય અને દેશનો વેપાર સરળતાથી ચાલી શકે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ દ્વારા ટ્રાન્ઝેક્શન પર ૦.૫% નો વધારાનો લાભ મળે જેથી આ એક્સચેન્જ સરળતાથી થઈ શકે અને જ્વેલરી ઉદ્યોગને તેનો લાભ મળે.સમગ્ર દેશમાં માત્ર IIBX દ્વારા જ સોના અને આયાતને મંજૂરી આપવી જોઈએ. સિંગલ વિન્ડો સિસ્ટમ હેઠળ, સમગ્ર દેશમાં નિકાસ કરવા માટે માત્ર IIBX દ્વારા ચેનલો બનાવવી જોઈએ જેથી કરીને જ્વેલરી ઉદ્યોગને દરેક જગ્યાએ ભટકવું ન પડે અને સિંગલ વિન્ડો સિસ્ટમ હેઠળ કામ થઈ શકે. આ ઘટના બાદ દેશની નિકાસમાં વધારો થશે. ગિફ્ટ સિટીમાં એક સંપૂર્ણ નિકાસ વિભાગ બનાવવો જોઈએ, જેમાં દેશનો કોઈપણ સામાન્ય ઝવેરી તેની પ્રોડક્ટને એક જગ્યાએ લઈ જઈ શકે અને ત્યાંથી તેને વેચી શકે, આખા વિશ્વ બજાર સાથે જોડાઈ શકે અને તેને ગિફ્ટ સિટીની જટિલ સમસ્યાઓમાંથી મુક્તિ મળે. તમામ કાયદાકીય પ્રક્રિયામાં રાહત મળે છે.સરવન ગોલ્ડ બોન્ડ હેઠળ કરવામાં આવેલા રોકાણ પર ગ્રાહકોને આવકવેરા મુક્તિ આપવા માંગ કરી છે.

અન્ય વસ્તુઓની જેમ જ જ્વેલરી માટેની લોન પણ બેંકો પાસેથી અને અન્ય માધ્યમો દ્વારા મેળવી જોઈએ અને લોકો ઊખઈ પર જ્વેલરી ખરીદી શકે છે જેથી કરીને મોંઘવારીની અસર જ્વેલરી ઉદ્યોગ પર ન પડે અને સામાન્ય માણસ જ્વેલરી ઉદ્યોગથી દૂર ન જાય.સમગ્ર દેશમાં હોલમાર્કિંગ એકસરખી રીતે લાગુ થવું જોઈએ અને તેના નિયમોને સરળ બનાવવું જોઈએ અને તેનાથી સંબંધિત નિયમો હોવા જોઈએ જેના કારણે જે સામાન્ય જ્વેલર્સ પરેશાન છે, સરકારે તેના પર ધ્યાન આપવું જોઈએ અને સરકારે તેની નોંધ લેવી. ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રસીદ EGR એ સરળીકરણ લાવવા, જૂનું સોનું ખરીદતી વખતે GST હટાવવા, બંધ કરેલ સહકારી લાઇસન્સ ફરી શરૂ કરવા, નાના મધ્યમ વર્ગના નિકાસકારોને સોનું સરળતાથી મળવાની પ્રક્રિયા સરળ કરવા સહિતનો માંગણીઓ કરવામાં આવી છે.

## કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર સહિત જિલ્લાના ATVT સેન્ટરોની વેબસાઈટમાં ખોટકોઃ અરજદારોમાં દેકારો

રાજકોટ, તા.૨૮ઃ રાજકોટ કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર સહિત જિલ્લાના તમામ એટીવીટી સેન્ટરોની એનીરોર (અક્ષુ છ્જ્ઞા) સાઇટમાં ક્ષતિ સર્જાતા ૭/૧૨, ૮/અ ના દાખલા, ૬ નંબર પ્રમોલગેશન કાઢવા સહિતની કામગીરી ઠપ્પ બની જવા પામેલ છે. જેના પગલે અરજદારોમાં દેકારો બોલી જવા પામેલ છે.

જનસેવા કેન્દ્ર તેમજ એટીવીટી સેન્ટરોમાં એની રોર સાઇટમાં છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલી ટેકનીકલ ક્ષતિના કારણે દાખલાઓ સહિતની કામગીરી માટે આવતા અરજદારોને ધરમ ધક્કા થઇ રહ્યા છે. એની રોર વેબસાઇટના આ ખોટકાથી એક ડોક્યુમેન્ટ કાઢવા માટે એકથી દોઢ કલાક જેવો સમય પસાર થઇ રહ્યો છે જેના કારણે અરજદારોની સાથે કર્મચારીઓ પણ અકળાઇ રહ્યા છે. ૭/૧૨, ૮/અ સહિતના દાખલા નહીં નીકળતા અરજદારો ભારે હેરાન-પરેશાન બની રહ્યા છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે જનસેવા કેન્દ્રપોસ્ટ સહિતની સરકારી કચેરીઓનાં સર્વર ડાઉન થવાની સમસ્યા હવે રોજીંદી થઇ પડી છે. તેમાં હવે જનસેવા કેન્દ્ર અને એટીવીટી સેન્ટરોની વેબસાઇટ પણ ક્ષતિગ્રસ્ત બનતા અરજદારો ભારે હેરાન પરેશાન થઇ રહ્યા છે. ત્યારે આ મામલે ઉચ્ચ અધિકારીઓ ધ્યાન કેન્દ્રીત કરી આ પુલ તત્કાલ હલ કરે તેવો અરજદારોમાંથી સૂર ઉઠ્યો છે.

## સરોડી હેલિપેડ ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું



સુરેન્દ્રનગર, તા. ૨૯ઃ રાજ્યભરમાં કન્યાકેળવણી અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૪ની ઉમંગ ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે.જે અંતર્ગત આજરોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના અંતિમ દિવસે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામે બાળકોનાં નામાંકન અર્થે પધાર્યા હતા. મુખ્યમંત્રીશ્રીનું સરોડી હેલિપેડ ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત તથા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ વેળાએ જિલ્લા કલેક્ટર શ્રી કે.સી.સંપટ, પોલીસ અધિક્ષક શ્રી ડો. ગિરીશ પંડ્યા, ચોટીલા ધારાસભ્ય શ્રી શામજીભાઈ ચૌહાણ, અગ્રણી સર્વેશ્રીઓ હિતેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી હાર્દિકભાઈ ટમાલીયા, શ્રી જયેશભાઈ પટેલ, શ્રી ધીરૂભાઈ સિંધવ સહિતના મહાનુભાવોએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું પાંચાળ ભૂમિ પર પુષ્પગુચ્છ થકી મીઠેરો અને અદકેરો આવકાર આપી સ્વાગત કર્યું હતું.

# વેરાવળના મકાનમાં મંજુરી વગર ચાલતી યુનિક પ્રાયમરી સ્કૂલને સીલ કરવામાં આવી

## ગેરકાયદેસર ચાલતી શાળામાં ૨૫૦ બાળકોને અભ્યાસ કરાવી ભવિષ્ય સાથે ચેડા કરવાનું ષડયંત્ર




અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૯ઃ વેરાવળમાં એક રહેણાંક વિસ્તારમાં ટેનામેન્ટ મકાનમાં કોઈપણ જાતની મંજુરી વગર ચાલતી શાળા મળી આવતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ શાળાને સીલ મારી દેવામાં આવ્યુ હતુ. તો શહેરમાંથી ગણતરીના દિવસોમાં જ ઉપરા છાપરી ગેરકાયદેસર ચાલતી બે શાળાઓ મળી આવતા શિક્ષણ ક્ષેત્રે કેવી લાલીયાવાળી ચાલી રહી હશે તેને લઈ લોકોમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે.

રાજકોટની ઘટના બાદ ગીર સોમનાથ જીલ્લામાં પણ તંત્રએ ફાયર સેફટી લઈને વ્યાપક રીતે ચેકીંગ હાથ ધર્યુ છે. જેમાં શહેરમાં ગેરકાયદેસર ચાલતી વધુ એક શાળાઓ મળી આવી છે. જે અંગે માહિતી આપતા ટીપીઓ હડીયાના જણાવ્યા મુજબ વેરાવળમાં રેલવે ફાટક પછી સોમનાથ ટોકીઝ વિસ્તારમાં મસ્જીદ પાસે એક રહેણાંક વિસ્તારમાં ટેનામેન્ટ મકાનમાં યુનિક પ્રાયમરી સ્કૂલ ચાલી રહી હતી. જ્યાં ફાયર સેફટી ચેકીંગ અર્થે શિક્ષણ વિભાગની ટીમ પહોંચેલ ત્યારે શાળા પાસે સ્કુલ ચલાવવા અંગેની પણ કોઈપણ જાતની મંજુરી ન હતી. આ શાળામાં ચાલતા જુદા જુદા વર્ગોમાં ૨૫૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા હોવાનું જાણવા મળેલ હતુ. આ શાળાના સંચાલકો પાસે કોઈપણ જાતની મંજૂરી ન હોવાથી શાળાના બિલ્ડીંગને એક કરવામાં આવી હતી. આ શાળામાં અભ્યાસ કરત બાળકોને આસપાસની શાળાઓમાં ટ્રાન્સફર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, શહેરમાં ગેરકાયદેસર રીતે ચાલતી બે શાળાઓ મળી આવતા સ્થાનીક સ્તરે શિક્ષણ વિભાગમાં લાલીયાવારી ચાલી રહ્યાની લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે. ત્યાં ગેરકાયદેસર શાળાઓ શોધવા માટે સમગ્ર જીલ્લામાં વ્યાપકપણે ચેકીંગ હાથ ધરવામાં આવશે તો ઘણી બધી ગેરકાયદેસર ચાલતી શાળાઓ મળી આવશે તેવું લોકોમાં ચર્ચાય રહ્યુ છે.

# પારડી, શીતળા અને વિવેકાનંદ પ્રા. શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ - શાળા પ્રવેશોત્સવ યોજાયો

### ■ આંગણવાડી, ધોરણ-૧, બાલવાડીમાં ભૂલકાઓનો ઉમંગભેર પ્રવેશ કરાવાયોઃ તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

રાજકોટ તા. ૨૮ જૂન - રાજ્યના કૃષિ,પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે લોધિકા તાલુકાના પારડી, શીતળામા અને સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં આંગણવાડી, બાલવાડી તથા ધોરણ-૧માં બાળકોનો ઉમંગભેર શાળા પ્રવેશ કરાવાયો હતો. આ તકે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાત શિક્ષણ ક્ષેત્રે આગળ વધે અને પ્રથમ હરોળમાં આવે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ કરી હતી. કન્યા કેળવણી કાર્યક્રમ દ્વારા તેમણે દીકરીઓને શિક્ષણ તરફ પ્રેરિત કરી તો શાળા પ્રવેશોત્સવ દ્વારા એક પણ બાળક શિક્ષણ વગરનું ન રહે તે સુનિશ્ચિત કર્યું. પ્રધાનમંત્રીશ્રીએ મેરિટ આધારિત શિક્ષકોની ભરતી, તેમના પગાર ધોરણમાં સુધારો, શાળાઓને માળખાકીય સુવિધાસભર બનાવી. આ ત્રણ પાયા મજબૂત થતાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રીમ હરોળમાં આવ્યું. રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે કરેલ ભગીરથ પ્રયાસોમા વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ યોગદાન આપી રહી છે. આજે રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ નીચો આવી ગયો છે, દીકરીઓ શિક્ષણમાં ૧૦૦% પ્રવેશ મેળવી નવા શિખરો સર કરી રહી છે.આજે નમો સરસ્વતી, નમો લક્ષ્મી યોજના દ્વારા બાળકોને ઉચ્ચ શિક્ષણમા સહાયક બની ઉડવા માટે નવી પાંખો આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ આ તકે શાળામાં પ્રવેશ લેનારા બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમાજ અને સરકારના સહકારથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે ત્યારે સૌ માતા પિતા પોતાના બાળકોને સારું શિક્ષણ અપાવવા સહકાર આપે તે જરૂરી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી અલ્પાબેન તોગડિયાએ રાજ્ય સરકારની વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓની માહિતી આપી વાલીઓને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપસચિવ શ્રી નિકકી ઓઝાએ નવી શિક્ષણનીતિ વિષે વિસ્તૃત સમજ આપી ભવિષ્યમાં બાળકોની આંતરિક શક્તિઓને ખીલવી આ નીતિ દ્વારા ભારતનો શૈક્ષણિક વારસો વધુ મજબૂત બનશે તેવી આશા વ્યકત કરી હતી. પારડી પ્રા. શાળા ખાતે પ્રવેશોત્સવમાં આંગણવાડીમાં ૧૫ બાળકો, બાલવાટિકામાં કુલ ૪૮ બાળકો તેમજ સીધા ધોરણ ૧માં કુલ ૫ બાળકોનો પ્રવેશ કરાવાયો હતો. જ્યારે શીતળામા પ્રા. શાળા ખાતે પ્રવેશોત્સવમાં આંગણવાડીમાં ૮ બાળકો, બાલવાટિકામાં કુલ ૫૦ બાળકો તેમજ સીધા ધોરણ ૧માં કુલ ૧૧ બાળકોનો, તો સ્વામી વિવેકાનંદ પ્રા. શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમા આંગણવાડીમાં ૧૦ બાળકો, બાલવાટિકામાં કુલ ૪૨ બાળકો તેમજ સીધા ધોરણ ૧માં કુલ ૭ બાળકોનો પ્રવેશ કરાવાયો હતો.

આ તકે મહાનુભાવો દ્વારા શાળાના બાળકોને શિક્ષણ કીટ અને આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટ સાથે પોષણ કીટ વિતરણનું કરવામાં આવ્યું હતું. સાથે જ શાળાના ધો. ૧ થી ૮ના તેજસ્વી વિદ્યાર્થીઓને અને દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કરી સામાજિક વનીકરણમા સહકાર આપવા અનુરોધ કર્યો હતો તેમજ શાળાની મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના

# રાજકોટમાં આરટીઓના નિયમોની 'ઐસી તૈસી', સ્કૂલ વાન સ્કૂલ રિક્ષામાં 'ઘેટા બકરા'ની જેમ બાળકો બેસાડવાનું શરૂ

■ વધારે બાળકો સ્કૂલ વાનમાં બેસાડાય તો શાળા સંચાલક જવાબદાર ? આમ છતાં શાળા તરફથી ધ્યાન અપાતું નથી!





રાજકોટ, તા. ૨૯ : નવા શૈક્ષણિક સત્રની શરૂઆત દરમિયાન શાળાઓમાં વિદ્યાર્થીઓને લાવવા-લઇ જવા માટે સ્કૂલ વાન, સ્કૂલ રિક્ષાચાલકો દ્વારા વર્ષ-૨૦૧૯ના વાહન વ્યવહાર કાયદા અંતર્ગત આરટીઓ તંત્ર દ્વારા કડક વલણ અપનાવતા હડતાલનું શસ્ત્ર સ્કૂલ વાન સંચાલકોએ ઉગામ્યું હતું. બાદમાં ત્રણ-ચાર દિવસ બાદ સરકાર તરફથી જરૂરી ફિટનેસ સર્ટિ, રજિસ્ટ્રેશન વિગેરે બાબતે સમય મર્યાદા નક્કી કરી રજાના દિવસોમાં આરટીઓ કચેરી ચાલુ રાખી કામગીરી હાથ ધરવામાં આવી પરતુ તમામ પાસાઓને બાદ કરતા હાલ સ્કૂલ વાન, સ્કૂલ રિક્ષામાં ફરી ઘેંટા-બકરાની જેમ બાળકોને બેસાડવામાં આવી રહ્યાની ફરિયાદ ઉઠી છે.

છેલ્લા કેટલાય દિવસોથી રાજકોટ શહેરની અમુક ખાનગી શાળામાંથી બાળકોને ઘરેથી સ્કૂલ અને બાદમાં ઘર સુધી લાવવા-લઇ જવા માટે સ્કૂલ વાનમાં ૧૨થી ૧૪ બાળકોની જગ્યાએ ૧૮થી ૨૦ને બેસાડવામાં આવી રહ્યાની ફરિયાદો ઉભી થવા છતાં વાલીઓ લાચાર બની ગયા છે. કારણ કે, સ્કૂલ બસનું ભાડું બાળકોને પોષાય તેમ નથી તેથી નાછૂટકે મજબૂરીવશ પોતાના લાડકવાયાને સીએનજીની ટાંકીના પાટિયા ઉપર અથવા ખીચોખીચ બેસાડવા પડે છે. બીજી તરફ સ્કૂલ વાન ચાલકો ઓછા બાળકો બેસાડે તો તેમના ખર્ચ નીકળતા નથી તેવું કહે છે. પરિણામે તંત્ર અને સ્કૂલ વચ્ચે વાલીની સ્થિતિ દયનિય બની ગઇ છે.

સ્કૂલ વાનમાં વધારે બાળકોને બેસાડવામાં આવે તો શાળાના સંચાલકની જવાબદારી? પરિપત્રનો અમલ કાગળ ઉપર

તાજેતરમાં રાજ્યના વાહન વ્યવહાર વિભાગ તરફથી વર્ષ-૨૦૧૯ની માર્ગદર્શિકાના આધારે દરેક આરટીઓ કચેરીને પરિપત્ર મોકલી તેનો અમલ કરાવવા તાકીદ કરવામાં આવ્યું હતુ. બાદમાં ભારે ઉહાપોહ થતાં વર્ષ-૨૦૧૯ના પરિપત્રની ટીકા થઇ હતી.

નવા નિયમો બનાવવા ઉપર ભાર મુકાયો હતો, બીજી તરફ આરટીઓ તંત્ર દ્વારા માનવતા દર્શાવી થોડા દિવસ સુધી ચેકિંગ બંધ રખાતાં બાળકો ઉપર જાણે જોખમ સર્જાય તેવા દ્રશ્યો બહાર આવ્યા અને સ્કૂલ વાનથી માંડી સ્કૂલ રિક્ષામાં નક્કી કરેલી સંખ્યા કરતા વધારે બાળકો બેસાડવામાં આવી રહ્યા છે.

# જામકંડોરણા તાલુકામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ





જામકંડોરણાઃ તાલુકાના સાજડીયાળી અને ધોળીધાર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જીલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણેની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કીટનું વિતરણ કરાયું હતું. તેમજ દાતાઓનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં મામલતદાર કે.બી. સાંગાણી, તાલુકા વિકાસ અધિકારી એચ.એમ. ભાસ્કર, ગોવિંદભાઇ રાણપરીયા સરપંચે હાજરી આપી હતી. જાકંડોરણા તાલુકાના રાજપરા પ્રા.શાળા ખાતે રાજકોટ જીલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતીના ચેરમેન કંચનબેન બગડા, સાતોદડ સેજાના મુખ્યસેવિકા વિજયાબેન નંદાણીયા, પાપા પગલી ઇન્સ્ટ્રકટર વંદનાબેન વ્યાસ તેમજ પ્રા.શાળાના શિક્ષકોની ઉપસ્થિતીમાં બાલવાટીકા અને ધો.૧ ના બાળકોને પ્રવેશ અપાયો હતો.

# બાળકોમાં શિક્ષણની સાથો-સાથ પ્રમાણિકતા, સત્યનિષ્ઠાનું સિંચન જરૂરી : કલેક્ટર શ્રી પ્રભવ જોશી

■ **ગૌરીદળ ગામની શાળાઓમાં : બાલગોપાલ વસ્ત્રો પરિધાનમાં સજ્જ આંગણવાડીના ભૂલકાઓને પોષણ કીટ અને રમકડાની ભેટ**



રાજકોટ તા. ૨૯: રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ અભિયાનના ત્રીજા દિવસે કલેક્ટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલ તેમજ મદદનીશ કલેક્ટર શ્રી નિશા ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ તાલુકાની શ્રી રાજગઢ પ્રાથમિક શાળા, બેડી પ્રાથમિક શાળા અને શ્રદ્ધા દિપ હાઇસ્કુલ ખાતે શિક્ષણના મહોત્સવનો ઉલ્લાસભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક વક્તવ્ય આપતા કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, આપણો દેશ ચંદ્ર સુધી પહોંચી ગયો છે, આપણા યાન મંગળ સુધી પહોંચી ગયા છે તો ગામની દીકરીઓએ હાઇસ્કુલ સુધી ખાસ પહોંચવું જોઈએ. ગામની દીકરીઓને ભણાવવી જ જોઈએ, જે આગળ જતાં બે કુળને તારે છે, તેમજ ઉચ્ચ હોદ્દા પર તેઓ નોકરી કરી પુરુષ સમોવડી બની શકે છે. કલેક્ટર શ્રી જોશીએ શિક્ષકોને સૂચન કરતા જણાવ્યું હતું કે, બાળકો નાના હોય ત્યારથી જ તેઓમાં નૈતિક મૂલ્યો જેવા કે પ્રામાણિકતા, સત્ય નિષ્ઠા વગેરે ના ગુણો કેળવાય તે જરૂરી છે. આ સાથે બાળકોને ઈતર પ્રવળત્તિ પણ કરાવવી જરૂરી હોવાનું કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

મદદનીશ કલેક્ટર શ્રી નિશા ચૌધરીએ શાળાના બાળકોને નિયમિત શાળામાં આવવા તેમજ શિક્ષણ કાર્ય નિયમિત કરવા ખાસ આગ્રહ કરતા જણાવ્યું હતું.


શ્રી રાજગઢ પ્રાથમિક શાળા ખાતે આંગણવાડીના ૩ બાળકો બાલવાટિકાના ૫ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો.

બેડી પ્રાથમિક શાળામાં આંગણવાડી માં ૬ બાળકોને પોષણ કીટ, ગણવેશ અને નોટબુક ની કીટ, બાલ વાટિકામાં પ્રવેશતા ૬૬ બાળકો તેમજ ધોરણ એકના ૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી સ્વાગત કરાયું હતું. ગૌરી દળ પ્રાથમિક શાળામાં આંગણવાડીના ૧૬ બાળકો બાલવાટિકાના ૧૭ બાળકોને પ્રવેશ તેમજ ધોરણ એકના આઠ બાળકો સહિત ૩૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આ સાથે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વહાલી દિકરી યોજના અન્વયે બાળકીઓને વધાવતા ૧૯ જેટલી નવજાત બાળકીઓને કીટ અર્પણ કરાઈ હતી. શાળાઓને બેટીબચાવો, બેટી પઢાવો લોગોના કપ, ઘડિયાળ સહિતના મોમેન્ટો આપવામાં આવ્યા હતા. તેમજ પંચાયતને પણ બેટી બચાવો, બેટી પઢાવોના સ્ટીકર્સ અને બેનર્સ જનજાગળતિ અર્થે અપાયા હતા.

# TRP ગેમ ઝોનના ૨૭ મૃતકોના પરિજનોને પૂ. મોરારી બાપુ તરફથી સહાય અર્પણ

રાજકોટ, તા. ૨૯: ૨૫ મેના રોજ રાજકોટમાં મોકાજી સર્કલ પાસે આવેલ ટી.આર.પી ગેમ ઝોનમાં ભીષણ આગ લાગવાને કારણે ૨૭ લોકોના દુઃખદ અવસાન થયા હતા. ત્યારબાદ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે દિવંગતોના પરિવારજનો માટે આર્થિક સહાયની જાહેરાત કરી હતી. અને આ સાથે પૂજ્ય મોરારી બાપુએ આ તમામ પીડિત પરિવારજનોના દુઃખમાં સહભાગી થયા અને શ્રી હનુમાનજી ની પ્રસાદ રૂપી ૧૫૦૦૦ ની રોકડ સહાય તથા શાલ મોકલવામાં આવી હતી. ૨૭ મૃતકોમાં રાજકોટ ઉપરાંત ધ્રોલના પણ રહેવાસીઓ હતા.

તો એક ઉત્તર પ્રદેશનો પણ પરિવાર હતો. આ તમામ લોકોને



પૂજ્યશ્રી જલારામ બાપા પરિવારના ભરતભાઈ દ્વારા પ્રસાદરૂપી સહાય પહોંચાડવા આવી હતી. આ ઉપરાંત દરેક વ્યક્તિ માટે પૂજ્ય બાપુએ પ્રાર્થના કરી હતી. આ તમામ મૃતકોના પરિવારજનોનો ભરતભાઈ તથા તેમની ટીમ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમના નિવાસે પહોંચે તેવી વ્યવસ્થા કરવામાંઆવીહતી.

# પી.એમ.કિશાન યોજનામાંથી ગુજરાતનાં ૨.૬૨ લાખ ખેડૂતોની બાદબાકી કરી દેવાઈ

■ **ખોટી રીતે લાભ લેનાર ખેડૂતો પાસેથી રિકવરી પણ કરવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૮: કેન્દ્રમાં ત્રીજી વખત સત્તા સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાદિવસો પહેલા જ મંગળવારે (૧૮ જૂન) ઉત્તર પ્રદેશના વારાણસીથી પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો બહાર પાડ્યો હતો. દેશભરમાં લગભગ ૯.૨૬ કરોડ ખેડૂતોને આ યોજના હેઠળ રૂપિયા ૨,૦૦૦ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ડિજિટલી ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જો કે આ ગુજરાતના ૨.૬૨ લાખ ખેડૂતોને આ હપ્તાનો લાભ મળશે નહીં. આ પાછળનું કારણ રાજ્ય સરકારે આપ્યું છે.

દેશભરના અંદાજે ૯.૨૬ કરોડ ખેડૂતો માટે આ ૧૭માં હપ્તામાં સરકારે કુલ ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જો કે ગુજરાતના ૨.૬૨ લાખ ખેડૂતોને આ યોજનામાંથી બાદબાકી કરવામાં આવી છે. એટલે ગુજરાતના ખેડૂતોને ૨,૦૦૦ રૂપિયાની સહાય મળશે નહીં.

રાજ્ય સરકારે આ પાછળનું કારણ આપતા જણાવ્યું હતું કે 'પાત્રતા ન હોવા છતાં યોજનાનો ખોટી રીતે લાભ લેતા કુલ ૨.૬૨ લાખ ખેડૂતોને સહાય આપવાથી બાદબાકી કરી છે. આ ખેડૂતો ખોટી રીતે આ યોજનાનો લાભ લઈ રહ્યા હતા, જેના નામ રદ કરાયા છે.'

રાજ્ય સરકાર આગળ ઉમેરતા કહ્યું હતું કે કેટલાક ખેડૂતો ઈન્કમ ટેક્સ (આઈ.ટી) રિટર્ન ભરતા હતા છતાં લાભ લેતા હતા. તો કેટલાક ખેડૂત તરીકે પતિ-પત્ની બંને સહાય મેળવતા હતા. આ ઉપરાંત કેટલાક ખેડૂતોને પેન્શન મળતું હોવા છતાં યોજનાનો હપ્તો મેળવતા હતા.

આ સિવાય મરણ થયું હોય તેવા ખેડૂતોના નામે પણ લાભ લેવાતો હતો. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે જે ખેડૂતોએ ખોટી રીતે યોજનાનો લાભ લીધો છે. જિલ્લા તંત્ર દ્વારા ગ્રામસેવકોની મદદથી તે ખેડૂતો પાસેથી રૂપિયા રિકવર કરવામાં આવશે.

નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...





## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...






મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

## વોટ્સએપ પર

**Hi લખીને મોકલો**

## 98983 17826

અને જોડાઇ જાવ અમારી સાથે...


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062